RP WEB SOLUTIONS
Website For Everyone...
RP Web Solutions
Ronak Palan
Web Consultant
+91 84888 55506
rpwebsolutions2020@gmail.com

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

# ટેક્ષ ટુડે

RNI No.GUJGUJ/2016/74805

Tax Today (Monthly)

ગુજરાતી પખવાડિક
કરવેરા સલાહકાર
સીધા અને આડકતરા કરવેરાની સાદી અને સરળ ભાષામાં માહિતી આપતું ગુજરાતી પખવાડિક
વાર્ષિક લવાજમ :- ૨૭૯૫
સંપર્ક:-
પૂજા પબ્લિકેશન
મનિષ શાહ
૯૯૨૪૧ ૧૯૩૨૯

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

◆ વર્ષઃ ૬, ◆ અંકઃ ૧, ◆ સળંગ અંકઃ ૬૧, ◆ તા.૨૦/૧૧/૨૦૨૧, શનિવાર, ◆ પાના-૪, ◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦, ◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- (કુરીયર સાથે રૂા.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઇ પોપટ, ◆ પ્રકાશન સ્થળઃ ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના

e-mail: taxtodayuna@gmail.com ◆ e-mail: editor@taxtoday.co.in ◆ www.taxtoday.co.in

પ્રતિશ્રી,

# AIFTPના ૪૫માં સ્થાપના દિવસની પૂના ખાતે ઉજવણી

## નેશનલ ટેક્સ કોન્ફરન્સમાં રાજ્ય કક્ષાના નાણાંમંત્રી ડો.કરાદ દ્વારા દેશના ઘડતરમાં ટેક્સ પ્રોફેશનલ્સનો માન્યો આભાર

ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેકટિશનર્સ (AIFTP) દ્વારા પૂના ખાતે નેશનલ ટેક્સ કોન્ફરન્સ નું આયોજન તારીખ ૧૧ તથા ૧૨ નવેમ્બર ૨૦૨૧ ના રોજ ફર્ન હોટેલ અમનોરા, પૂના ખાતે કરવામાં આવ્યું હતું.

આ નેશનલ ટેક્સ કોન્ફરન્સ માં કેન્દ્ર સરકારમાં રાજ્ય કક્ષાના નાણાંમંત્રી ડો ભગવત કરાદ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ આ સમારંભમાં પોતાના વકતવ્યમાં દેશના વિકાસમાં ટેક્સ પ્રોફેશનલ્સના કાર્યને બીરદાવ્યું હતું.

એડવોકેટ મિલિન્દ ભોંડે, એડવોકેટ જે.કે. મિતલ, સિનિયર એડવોકેટ કે શિવરામ, એડવોકેટ અવિનાશ પોદાર દ્વારા ટેક્સ અંગેના વિવિધ વિષયો ઉપર ડેલિગેટ્સને માહિતી આપવામાં આવી હતી. દેશભરમાંથી ૩૭૫ જેટલા ટેક્સ પ્રોફેશનલ્સે આ નેશનલ ટેક્સ કોન્ફરન્સમાં ભાગ લીધો હતો.

ગુજરાતમાંથી AIFTP (વેસ્ટ ઝોન)ના ચેરમેન CA મિતિશ મોદી, સંસ્થાના નેશનલ એક્સિક્યુટિવ કમિટી મેમ્બર એડવોકેટ ભાષ્કર પટેલ, નેશનલ એક્સિક્યુટિવ કમિટી મેમ્બર એડવોકેટ ગૌરી ચંદનાની પોપટનું આ કોન્ફરન્સમાં ખાસ સન્માન કરવામાં આવ્યું હતું. જૂનાગઢથી કલ્પેશ રુપારેલિયા, જયેન્દ્ર તન્ના તથા ઉનાથી ભવ્ય પોપટ આ નેશનલ ટેક્સ કોન્ફરન્સ માં સહભાગી બન્યા હતા.



(નેશનલ ટેક્સ કોન્ફરનના ટેકનિકલ શેશનમાં ડેલિગેટ્સને માહિતી આપતા તજજ્ઞો)

આ 'નેશનલ ટેક્સ કોન્ફરન્સ'માં સંસ્થાના ૪૫ માં સ્થાપના દિનની ઉજવણી પણ કરવામાં આવી હતી. ૧૧ નવેમ્બર ૧૯૭૬ ના રોજ સ્થપાયેલ આ સંસ્થામાં ટેક્સ પ્રોફેશનલ્સની સૌથી મોટુ સંગઠન છે. દસ હજારથી વધુ એડવોકેટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તથા ટેક્સ પ્રેકટિશનર્સ આ સંગઠનના સભ્યો છે.

આ નેશનલ ટેક્સ કોન્ફરન્સ નું આયોજન મહારાષ્ટ્ર ટેક્સ પ્રેકટિશનર્સ એસોશીએશન (MTPA), ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ પ્રેકટિશનર્સ એસોશીએશન મહારાષ્ટ્ર (GSTPM) તથા નોર્થ મહારાષ્ટ્ર ટેક્સ પ્રેકટિશનર્સ એસોશીએશનના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું.


(૪૫માં સ્થાપના દિનની ઉજવણીમાં સામેલ AIFTP સ્થાપક સભ્ય એડવોકેટ પી.સી. જોશી, નેશનલ પ્રેસિડંટ શ્રીનિવાસ રાવ, સેક્રેટરી જનરલ એસ સત્યનારાયણ તથા સભ્યો)


(ડાબેથી જુનાગઢના ટેક્સ એડવોકેટ કલ્પેશ રૂપારેલિયા, નેશનલ ટેક્સ કોન્ફરન્સના કો ચેરમેન CA સ્વપનિલ મુનોટ, ચેરમેન એડવોકેટ નારાયણ સોનવને સાથે એડવોકેટ ભવ્ય પોપટ)


(ડાબેથી AIFTPના સેક્રેટરી જનરલ એસ સત્યનારાયણ, જયેન્દ્ર તન્ના, કલ્પેશ રુપારેલિયા તથા AIFTPના રાષ્ટ્રીય પ્રમુખ એમ. શ્રીનિવાસ રાવ)

## વેપારીઓ તથા વકીલોએ નહીં થવું પડે રાજકોટ સુધી લાંબુ!!

# જુનાગઢ તથા ગાંધીધામને ફાળવવામાં આવી રાજ્ય જી.એસ.ટી. જોઈન્ટ કમિશ્નરની ઓફિસ

## જુનાગઢ ખાતે SGST-જોઈન્ટ કમિશ્નર ૧૧ની ઓફિસ તથા SGST ગાંધીધામ ખાતે SGST જોઈન્ટ કમિશ્નર-૧૨ની ઓફિસ થશે કાર્યરત

તા. ૧૦.૧૧.૨૦૨૧:રાજ્ય જી.એસ.ટી. હેઠળ ઓફિસ કાર્યક્ષેત્રમાં મહત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે. આ ફેરફાર અનુસાર હાલ રાજકોટ ખાતે જ જોઈન્ટ કમિશ્નરની કચેરી કાર્યરત હતી તેના સ્થાને હવે રાજકોટ ઉપરાંત જુનાગઢ તથા ગાંધીધામ ખાતે પણ આ ઓફિસો કાર્યરત કરવામાં આવી છે. આ અંગેની જાહેરનામું ૦૯.૧૧.૨૦૨૧ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. હવે જુનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર, જામનગર તથા દેવભૂમિ દ્વારકા જિલ્લો તે નવી સ્થપાયેલ જોઈન્ટ કમિશ્નર જુનગઢ વિભાગ ૧૦ હેઠળ આવશે જ્યારે કચ્છ તથા મોરબી જિલ્લો તે નવી સ્થપયેલી જોઈન્ટ કમિશ્નર




ગાંધીધામ-વિભાગ ૧૨ હેઠળ આવશે. જો કે મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાનો વિસ્તારને હજુ પણ જૂની ઓફિસ જોઈન્ટ કમિશ્નર રાજકોટ વિભાગ ૧૦ હેઠળ જ રાખવામા આવી છે. જોઈન્ટ કમિશ્નર અપીલનું કાર્યક્ષેત્ર તે નવી સ્થપયેલી જુનાગઢ તથા ગાંધીધામમાં પડતાં કરદાતાઓ માટે હજુ પણ રાજકોટ જ રહેશે. આ નવી સ્થપાયેલ બંને જોઈન્ટ કમિશ્નરના તબાના વેપારીઓ માટે અપીલનું કાર્યક્ષેત્ર સંયુક્ત રાજ્ય વેરા કમિશ્નર, વિવાદ-૨ રાજકોટ રહેશે.

નવી સ્થપાયેલ જોઈન્ટ કમિશ્નર જુનાગઢ તથા ગાંધીધામની કચેરી ના કારણે વેપારીઓ તથા ટેક્સ પ્રેકટિશનર્સના રાજકોટ સુધીના ધક્કા ઘટશે. જોઈન્ટ કમિશ્નર કચેરીનું સ્થળાંતર થતાં SGST ઓફિસ વિહોણા ગામો જેવા કે ઉના, કોડીનાર વગેરેમાં SGST ઓફિસ સ્થપાશે તેની આશા ઊભી થઈ છે. ઉલ્લેખનીય છે કે ઉના, કોડીનાર જેવા વિસ્તારો ભૌગોલિક દ્રષ્ટિએ ખૂબ છેવાડાના વિસ્તાર હોય ત્યાં રાજ્ય જી.એસ.ટી. ની ઓફિસ કાર્યરત કરવામાં આવે તેવી માંગ વર્ષોથી ઉઠી રહી છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે.**

# કરદાતાની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બ્લોક કરતાં પહેલા કારણોની યોગ્ય નોંધ કરવી છે જરૂરીઃ CBIC એ બહાર પાડી સૂચના

## ખોટી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવામાં આવી હોય તેવી શંકાના આધારે નહીં પરંતુ પુરાવાઓના આધારે ક્રેડિટ બ્લોક કરે તેવી સૂચના

તા. ૦૫.૧૧.૨૦૨૧: જી.એસ.ટી. નિયમો હેઠળ નિયમ 86A મુજબ કરદાતા દ્વારા ખોટી અથવા તો નિયમ મુજબ ના હોય તેવી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવામાં આવેલ હોય તે અંગે શંકા હોય તેવા સંજોગોમાં અધિકારી કરદાતાની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બ્લોક કરી શકે તે મુજબની સત્તા આપવામાં આવેલ છે. ટેક્સ ચોરી રોકવાના હેતુથી આ સત્તા અધિકારીઓને આપવામાં આવી છે. કરદાતાની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બ્લોક કરવામની સત્તા આસિસ્ટન્ટ કમિશ્નર કે તેનાથી ઉપરી અધિકારીને આપવામાં આવેલ છે. આ ક્રેડિટ બ્લોક કરવામાં વિવેક બુદ્ધિ જાળવતી ના હોવાના તથા યોગ્ય વિધિ વગર કર્યા વગર કરદાતાની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બ્લોક કરવાના આદેશ પસાર કરવામાં આવી રહ્યા હોવાની ફરિયાદો મળી હતી.

જી.એસ.ટી.નું નિયમન કરતી સંસ્થા સેન્ટરલ બોર્ડ ઓફ ઇંડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમ્સ (CBIC) દ્વારા પોતાના અધિકારીને સૂચના બહાર પાડવામાં આવી છે. આ સૂચના હેઠળ વિવિધ અધિકારીઓ માટે આ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બ્લોક કરવા માટે નાણાકીય મર્યાદા બહાર પાડવામાં આવી છે. આ સૂચના હેઠળ એક કરોડ સુધીની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બ્લોક કરવા માટે ડેપ્યુટી કમિશ્નર તથા આસિસ્ટન્ટ કમિશ્નરને અધિકૃત કરવામાં આવ્યા છે. એક કરોડ કે તેથી વધુ પરંતુ પાંચ કરોડ સુધીની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બ્લોક કરવા માટે એડીશનલ કમિશ્નર કે જોઈન્ટ કમિશ્નરને સત્તા આપવામાં આવેલ છે. જ્યારે ૫ કરોડ ઉપરની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બ્લોક કરવાં માટેની સત્તા આપવામાં આવેલ છે. CBICની આ સૂચનામાં સ્પષ્ટ સૂચના આપવામાં આવેલ છે કે આ નિયમ હેઠળ બ્લોક કરવામાં આવેલ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અંગેની તપાસ અધિકારી દ્વારા શક્ય એટલી ત્વરાથી કરવાની રહેશે અને કોઈ પણ સંજોગોમાં આ નિયમ હેઠળની ૧ વર્ષની સમયમર્યાદાનું પાલન કરવું જરૂરી રહેશે. આ સૂચના બહાર પાડવામાં આવતા કરદાતાઓને થોડી રાહત મળશે તેવું નિષ્ણાંતો માની રહ્યા છે. આ પ્રકારની સૂચના રાજ્ય સરકારો દ્વારા રાજ્ય જી.એસ.ટી. કાયદા હેઠળ પણ બહાર પાડવામાં આવે તે જરૂરી છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે.**

# તથ્યોના આધારિત કપાત 'ડિસએલાવ' કરવામાં આવે ત્યારે આવક છુપાવવાનો હેતુ ગણી દંડ લાગુ કરી શકાય નહીંઃ મુંબઈ હાઈકોર્ટ

## ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટની અપીલ ફગાવતી બોમ્બે હાઈકોર્ટ

તા. ૨૬.૧૦.૨૦૨૧:સોનું રિયલટર્સના કેસમાં મહત્વનો સિદ્ધાંત પ્રતિપાદિત કરતાં બોમ્બે હાઈકોર્ટે જણાવ્યું હતું કે ખોટી કપાતનો દાવો કરીને કર જવાબદારીમાં ઘટાડો આવક છુપાવવા અથવા અચોક્કસ વિગતો રજૂ કરવા સમાન ગણી શકાય નહીં. પ્રતિવાદી, સોનુ રિયલ્ટર્સ પ્રાઈવેટ લિમિટેડ એ બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલી કંપની છે. આકારણી વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માટે, પ્રતિવાદીએ 80 IB ની પેટા-કલમ ૧૦ હેઠળ કપાતનો દાવો કર્યા પછી રૂ. ૫૧,૩૪,૭૪૦/- રિટર્ન ફાઈલ કર્યું હતું. ત્યારબાદ, આવકવેરા કમિશ્નર (CIT)એ ઉપરોક્ત અધિનિયમની કલમ ૨૬૩ હેઠળ એક આદેશ પસાર કર્યો હતો જેમાં કરદાતા દ્વારા માંગવામાં આવેલ કપાત નામંજૂર કરવામાં આવેલ હતી. કરદાતાની ફેર આકારણી હાથ ધરવામાં આવેલ હતી જેના પગલે આકારણી અધિકારીએ કલમ 115JB હેઠળ પ્રતિવાદીની આવકની આકારણી કરવામાં આવી હતી અને ઈન્કમ ટેક્સ કાયદાની કલામ ૧૪૩ હેઠળ ઓર્ડર પસાર કર્યો હતો. પ્રતિવાદીએ કલમ 115JB હેઠળ પણ ટેક્સ ચૂકવ્યો આપ્યો હતો. જોકે, આકારણી અધિકારીએ પાછળથી કલમ ૨૭૧ (૧)(c) એક્ટ હેઠળ દંડ અંગે પણ આદેશ કર્યો હતો. પ્રતિવાદીએ ખોટી કપાતનો દાવો કરીને તેની કર જવાબદારી ઘટાડવાનો પ્રયાસ કર્યો છે તેવા કારણ હેઠળ આ દંડ કરવામાં આવ્યો હતો.

આ આદેશ સામે અપીલ થાતા, ઈન્કમ ટેક્સ ટ્રાઈબ્યુનલ દ્વારા આ દંડ રદ કરવામાં આવ્યો હતો. ટ્રિબ્યુનલના આ આદેશને ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા મુંબઈ હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. જસ્ટિસ અમિત બી. બોરકર અને જસ્ટિસ કે.આર.શ્રીરામની ડિવિઝન બેન્ચે જણાવ્યું હતું કે, કોઈ પણ સંજોગોમાં, એક ક્ષણ માટે પણ એવું માની લઈએ કે આવી વિગતો આપવામાં આવી ન હતી, પરંતુ માત્ર આવકનું રિટર્ન ફાઈલ કરવામાં આવ્યું હતું, જે હેઠળ ગણતરી કરાયેલ કુલ આવક પર ચૂકવવાપાત્ર આવકવેરો દર્શાવવામાં આવ્યો હતો. ખોટી કપાતનો દાવો કરીને કર જવાબદારી ઘટાડવાનો જો કોઈ કથિત પ્રયાસ હોય તો પણ તે આવકની વિગતો છુપાવવા અથવા આવી આવકની અચોક્કસ વિગતો રજૂ કરવા સમાન ગણી શકાય નહીં. બોમ્બે હાઈકોર્ટની ડિવિઝન બેન્ચ દ્વારા આદેશમાં જણાવાયું હતું કે ટ્રાઈબ્યુનલ દ્વારા કરદાતાની તરફેણમાં આદેશ પસાર કરવામાં કોઈ ભૂલ થયેલ નથી અને ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટની આપી નામંજૂર કરવામાં આવી હતી.

# કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા ગુજરાતને આપવામાં આવી દિવાળીની ડબલ ગિફ્ટઃ કેન્દ્ર સરકાર દ્વારા પેટ્રોલ-ડીઝલ પર 'એકસાઈઝ' ઘટાડાઈ તો રાજ્ય સરકાર દ્વારા 'વેટ'માં કરવામાં આવ્યો ઘટાડો

## પેટ્રોલ-ડીઝલમાં થઈ રહેલા તોતિંગ ભાવ વધારામાં લોકોને મળશે રાહત

તા. ૦૪.૧૧.૨૦૨૧: સમગ્ર દેશમાં ધામધૂમથી દિવાળીના તહવારોની ઉજવણી થઈ રહી છે ત્યારે આ ઉજવણીમાં ભેટ સમાન જાહેરાતો કેન્દ્ર સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી છે. પેટ્રોલ-ડીઝલના ભાવોમાં સતત વધારાનો ભાર સહન કરી રહેલી પ્રજાને પેટ્રોલમાં મોટા ભાવ ઘટાડાની ભેટ આપવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા 'એક્સાઈઝ'માં પેટ્રોલ ઉપર ૫ રૂપિયાનો ઘટાડો જાહેર કયો છે જ્યારે ડીઝલની 'એક્સાઈઝ' રૂા. ૧૦થી ઘટાડવામાં આવી છે. આ ઘટાડાની જાહેરાત થયા બાદ મોડી રાત્રે ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા પેટ્રોલ અને ડીઝલ ઉપરના વેટમાં રૂ ૭ નો ઘટાડો કરવાની જાહેરાત કરી હતી. આમ, ગુજરાતની જનતાને કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા દિવાળી ઉપર આ 'ડબલ-ગિફ્ટ' આપવામાં આવેલ છે. આ ઘટાડા સાથે ગુજરાતમાં પેટ્રોલના ભાવ



અંદાજે ૭ રૂ અને ડીઝલના ભાવ અંદાજે ૧૭ રૂ ઘટશે. પ્રધાનમંત્રીએ તથા મુખ્યમંત્રીએ કરેલ જાહેરાત બાદ ગઈકાલે મોડી રાતથી ઘટાડેલા ભાવ અમલમાં આવી ગયા હોવાની માહિતી મળી રહી છે.

પેટ્રોલ ડીઝલમાં થયેલા ભયંકર ભાવવધારા બાબતે સરકાર હરકતમાં આવે તેવી માંગણીઓ સતત ઉઠી રહી હતી. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ તેલના ભાવમાં ઝડપથી વધારો આવતા સ્થાનિક સ્તરે ભાવ વધારો થઈ રહેલ છે તેવો બચાવ કરવામાં આવી રહ્યો હતો. પરંતુ ક્રૂડના ભાવ ઘટતા, સરકારી આવકને નુકસાનનું બહાનું દઈ એક્સાઈઝ તથા વેટમાં વધારો કરતી સરકારો જ્યારે આ ક્રૂડના ભાવમાં વધારો થાય છે ત્યારે સરકારી આવક વધી હોવા છતાં વધારેલ 'એક્સાઈઝ' કે 'વેટ'ના દરો ઓછા કરવાનું ભૂલી જતી હોય છે!! 'દેર આયે દુરુસ્ત આયે'ની ઉક્તિ યાદ રાખી ટેક્સમાં કરવામાં આવેલ આ ઘટાડો દિવાળીના આ તહેવારોમાં લોકોને ખુશી આપશે તે બાબત ચોક્કસ છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

# રૂા.૫૦ લાખથી વધુ રકમની માલની કુલ ખરીદી/વેચાણના એક જ વ્યવહાર પર ટી.ડી.એસ./ટી.સી.એસ.ની નવી જોગવાઈઓ



C.A. મિતીષ મોદી
(ચેરમેન–AIFTP-WZ)

તા. ૧લી જુલાઈ, ૨૦૨૧થી અમલમાં આવે તે રીતે ઈન્કમટેક્ષ કાયદામાં નવી કલમ ૧૯૪કયૂ દાખલ કરવામાં આવી છે. ટી.ડી.એસ.ના પ્રકરણમાં, આ નવી દાખલ થયેલી જોગવાઈઓ મુજબ, કોઈ એક નાણાંકીય વર્ષ દરમ્યાન ખરીદ કરેલ માલ (ગુડઝ)ની કુલ કિંમત રૂા. ૫૦ લાખથી વધુ થતી હોય તો માલ ખરીદકરનારે, ખરીદ કિંમતની ચુકવણી વખતે, રૂા. ૫૦ લાખથી વધુની રકમ પર ૦.૧ ટકાના દરે ટી.ડી.એસ. કરી બાકીની રકમની ચુકવણી માલ વેચનારને કરવાનીરહેશે.

**કલમ ૧૯૪કયૂ નું વિશ્લેષણ:**

આ કલમની જોગવાઈઓ અંતર્ગત, 'ખરીદનાર' એટલે જે નાણાંકીય વર્ષમાં માલની ખરીદીનો વ્યવહાર થયો હોય તેના તરતના પાછળના નાણાંકીય વર્ષમાં, જેનું ધંધાનું કુલ વેચાણ, કુલ આવક/ઉપજ કે કુલ ટર્નઓવર રૂા. ૧૦ કરોડથી વધુ હોય. આવા 'ખરીદનાર'ની વ્યાખ્યામા કોઈ પણ વ્યકિત, પ્રોપ્રાયટરી પેઢી, ભાગીદારી પેઢી, કંપની, સહકારી મંડળીઓ, એચ.યુ.એફ. પેઢી, લોકલ ઓથોરીટી, ટ્રસ્ટો વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હોઈ, આવા દરેક 'ખરીદનારે' ટી.ડી.એસ.ની આ નવી જોગવાઈઓનું પાલન કરવાનું રહે છે.

ઈન્કમટેક્ષ કાયદામાં 'માલ (ગુડઝ)'ની વ્યાખ્યા આપેલ નથી. તેથી ' સેલ ઓફ ગુડઝ એકટ'ની કલમ ૨(૭)માં આપેલી 'માલ (ગુડઝ)'ની વ્યાખ્યા ધ્યાનમાં લેવાની રહે છે, જે મુજબ 'માલ (ગુડઝ)' એટલે નાણું અને એકશનેબલ કલેઈમ સિવાય દરેક પ્રકારની જંગમ/અસ્થિર મિલ્કતો (મુવેબલ પ્રોપર્ટી) તેમજ સ્ટોક અને શેર્સ, ઉભાં પાકો, ઘાસ, તેમજ જમીન સાથે કે જમીનના ભાગરૂપે તમામ વસ્તુઓ પણ તેની વ્યાખ્યામાં સમાવિષ્ટ છે. આમ, આ કલમ હેઠળ જયારે પણ 'માલ (ગુડઝ)'નો વ્યવહાર થાય ત્યારે ટી.ડી.એસ.ની જોગવાઈઓ ચકાસવાની રહે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ટી.ડી.એસ.ની આ નવી જોગવાઈઓ ફકત ' માલ (ગુડઝ)'ની ખરીદીના વ્યવહારોની લાગુ પડે છે, 'સેવાઓ'ના વ્યવહારોને લાગુ પડતી નથી તેમજ જયારે વેચનાર નોન–રેસીડેન્ટ (બિનભારતીય નિવાસી) નો દરજજો ધરાવતો હોય ત્યારે પણ આ જોગવાઈઓ લાગુ પડતી નથી. વધુમાં, ખેતીની આવક કરમુકત હોવાથી, જો એ.પી.એમ.સી.માં નોંધાયેલા ડીલરો દ્વારા ખેતી પાકની ખરીદીની ચુકવણી ખેડૂતોને કરવામાં આવે તો તે વ્યવહારોને પણ આ કલમની જોગવાઈઓમાંથી મુકિત મળે છે.

વધુમાં, 'ખરીદનાર'ની વ્યાખ્યામાં સમાવિષ્ટ થનારે માલની ખરીદીનો વ્યવહાર કરતી વખતે, પોતાના ધંધાનું કુલ વેચાણ, કુલ આવક/ઉપજ કે કુલ ટર્નઓવર રૂા. ૧૦ કરોડની મર્યાદાની ગણતરી કરતી વખતે તેમાં જી.એસ.ટી.ની રકમ સહિત ગણવાનું રહેશે. દા.ત.: કોઈ એક ખરીદનારનું વર્ષ દરમ્યાન કુલ માલ વેચાણનું ટર્નઓવર રૂા. ૮.૫૦ કરોડ, કમિશનની આવક રૂા. ૭૫ લાખ અને તેના પર કુલ જી.એસ.ટી.ની રકમ રૂા. ૧ કરોડ હોય, તો તેનો કુલ ટર્નઓવર/ગ્રોસ રીસીપ્ટ રૂા. ૧૦ કરોડની મર્યાદાથી વધુ થતું હોવાથી તેવા કિસ્સામાં ટી.ડી.એસ.ની આ જોગવાઈઓનું પાલન કરવાની જવાબદારી ઉભી થશે.

જયારે ટી.ડી.એસ. કાપવાનો થાય ત્યારે ખરીદનારે, માલનું વેચાણ કરનાર વેચનારનો પાન મેળવવાનો રહેશે અને સાથે કલમ ૨૦૬એબી હેઠળનું ડેકલેરેશન પણ મેળવવાનું રહેશે. ત્યારબાદ, ટી.ડી.એસ. કાપી, સરકારી તિજોરીમાં જમા કરાવી, તે સંદર્ભે ફોર્મ '૨૬કયૂ' ટી.ડી.એસ. રીટર્ન ફાઈલ કરવાનું અને વેચનારને ફોર્મ '૧૬એ' હેઠળ ટી.ડી.એસ. કાપ્યા અંગેનું સર્ટીફીકેટ પણ આપવાનું રહેશે. જો વેચનારનો પાન ન હોય અથવા તો ઈનવેલીડ પાન આપવામાં આવ્યું હોય તો તેવા સંજોગોમાં, ટી.ડી.એસ.નો દર ૦.૧ ટકાના સ્થાને ૫ ટકા લાગુ પડશે (જો કે ૨૦ ટકાનો મહત્તમ દર લાગશે નહિ).

ખરીદનારના કિસ્સામાં નોંધપાત્ર વાત એ છે કે જો આ કલમ હેઠળ ટી.ડી.એસ. કાપવાનો થતો હોય અને ખરીદનાર ટી.ડી.એસ. કરવાનું ચુકી જાય અથવા ટી.ડી.એસ. કર્યા પછી સરકારી તિજોરીમાં જમા ન કરાવે તો તેવા સંજોગોમાં, માલની ખરીદીની જેટલી રકમ પર ટી.ડી.એસ. કાપવાનો થતો હોય, તે રકમના ૩૦ ટકા જેટલી રકમ ખરીદનારને ખર્ચા તરીકે મજરે મળશે નહિ. દા.ત.: ખરીદનારે વર્ષ દરમ્યાન માલની કુલ ખરીદી રૂા. ૭૦ લાખ કરી છે અને તેના પર ટી.ડી.એસ. કરવાનું ચુકી જાય છે અથવા ટી.ડી.એસ.ની રકમ સરકારી તિજોરીમાં જમા કરાવતોનથી તો તેવા સંજોગોમાં રૂા. ૨૦ લાખ (રૂા. ૫૦ લાખની થ્રેસહોલ્ડ લિમિટથી વધુ) પર ૩૦ ટકા લેખે રૂા. ૬ લાખ જે તે વર્ષમાં ખરીદનારને મજરે મળશે નહિ.


ખરીદનારે ખાસ ધ્યાનમાં રાખવું કે જો વેચનાર પોતાના જુદા જુદા ધંધાકીય એકમો દીઠ અલગ અલગ જી.એસ.ટી.આઈ.એન. ધરાવતો હોય તો તેવા કિસ્સામાં આવા દરેક જુદા જુદા યુનિટોમાંથી થયેલ માલની ખરીદીની એકત્રિત રકમ ધ્યાનમાં લેવાની રહેશે કારણ કે વેચનાર વ્યકિત એકજ રહેશે. તે ઉપરાંત, ખરીદનારે કુલ માલ ખરીદીની રૂા.૫૦ લાખની મહત્તમ મર્યાદાની વધુની રકમ પર ૦.૧ ટકા લેખે ટી.ડી.એસ. કરતી વેળાએ 'માલ ખરીદી પરત'ના વ્યવહારો ધ્યાનમાં લેવા નહિ, અન્યથા ૩૦ ટકાના દરે ખરીદીનો ખર્ચો મજરે ન મળવાની શકયતા રહેલી છે. જો કે ખરીદનારે, જયારે માલ અને સેવા ખરીદીના સંયુકત વ્યવહારો હોય તો સેવાનું મુલ્ય અલગ કરવું શકય હોય તો તેનું ઈન્વોઈસ અલગથી લેવું હિતાવહ છે. પરંતુ જો વેચનાર માલ અને સેવાના સંયુકત ખરીદીનું એક જ ઈન્વોઈસ આપે તો ખરીદનારે ઈન્વોઈસની કુલ રકમ ધ્યાનમાં લઈ ટી.ડી.એસ. કરવાનો રહેશે.

ખાસ ઉલ્લેખનીય છે કે નીચેના માલ ખરીદીના વ્યવહારોમાં આ કલમ હેઠળની ટી.ડી.એસ.ની જોગવાઈઓ લાગુ પડશે નહિઃ

૧. ઈન્કમટેક્ષ કાયદાની અન્ય જોગવાઈ હેઠળના નિર્દિષ્ટ વ્યવહારો ટી.ડી.એસ.ને પાત્ર હોય અને
૨. કલમ ૨૦૬સી હેઠળના ટી.સી.એસ.ના વ્યવહારો જેવા કે આલ્કોહોલિક લિકર, ફોરેસ્ટ પ્રોડયુસ, સ્ક્રેપ વગેરેના વ્યવહારો પર લાગતી ટી.સી.એસ.ના વ્યવહારો (જેમાં કલમ ૨૦૬સી (૧એચ) હેઠળના વ્યાખ્યાયિત વ્યવહારો સિવાય)

**કલમ ૨૦૬સી (૧એચ)નું વિશ્લેષણ:**

કલમ ૨૦૬સી પેટા કલમ (૧એચ) હેઠળ કરેલી જોગવાઈઓ મુજબ, જે તે નાણાંકીય વર્ષ દરમ્યાન વેચનારે ખરીદનારને કરેલ માલ વેચાણની કુલ રકમ જો રૂા. ૫૦ લાખથી વધતી હોય તો તેવા સંજોગોમાં વેચનારે વેચાણના મુલ્ય પેટે મેળવેલી રકમ પર (રૂા. ૫૦ લાખથી વધુ) ૦.૧ ટકા લેખે ટી.સી.એસ. કરી ખરીદનાર વતી સરકારી તિજોરીમાં જમા કરાવવાનો રહે છે. આ જોગવાઈઓ તા. ૧લી ઓકટોબર, ૨૦૨૦થી અમલમાં આવી ચુકી છે.




જો કે, 'ખરીદનાર' રાજય કે કેન્દ્ર સરકાર, એમ્બેસી, હાઈ કમિશન, લિગેશન, કમિશેન, કોન્સ્યુલેટ, વિદેશના ટ્રેડના રીપ્રેઝેન્ટેશન, લોકલ ઓથોરીટી, ભારતમાં માલની આયાત કરનારાઓ હોય અને જો માલની નિકાસના વ્યવહારો, મોટર વેહિકલ્સનું વેચાણ કરનારાઓ, ઓવરસીસ ટૂર પ્રોગ્રામ પેકેજ વેચનારાઓ તેમજ આલ્કોહોલિક લિકર, ફોરેસ્ટ પ્રોડયુસ, સ્ક્રેપ વગેરેના વ્યવહારો કરનારાઓ હોય તો તેવા કિસ્સામાં ટી.સી.એસ.ની આ જોગવાઈઓમાંથી મુકિત છે.

વળી, અહીં પણ આ કલમની જોગવાઈઓ અંતર્ગત, 'વેચનાર' એટલે જે નાણાંકીય વર્ષમાં માલની ખરીદીનો વ્યવહાર થયો હોય તેના તરતના પાછળના નાણાંકીય વર્ષમાં, જેનું ધંધાનું કુલ વેચાણ, કુલ આવક/ઉપજ કે કુલ ટર્નઓવર રૂા. ૧૦ કરોડથી વધુ હોય.આવા 'વેચનાર'ની વ્યાખ્યામાં કોઈ પણ વ્યકિત, પ્રોપ્રાયટરી પેઢી, ભાગીદારી પેઢી, કંપની, સહકારી મંડળીઓ, એચ.યુ.એફ. પેઢી, લોકલ ઓથોરીટી, ટ્રસ્ટો વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હોઈ, આવા દરેક 'વેચનારે' ટી.સી.એસ.ની આ નવી જોગવાઈઓનું પાલન કરવાનું રહે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે માલના ખરીદ વેચાણના એક જ વ્યવહાર પર ઈન્કમટેક્ષ કાયદાની બન્ને જુદી જુદી કલમો હેઠળ માલ ખરીદનાર અને વેચનાર પર ટી.ડી.એસ./ટી.સી.એસ.ની જવાબદારી નાંખવામાં આવી છે ત્યારે મુંઝવતો પ્રશ્ન એ ઉભો થાય છે કે શું ખરીદનાર અને વેચનાર બન્નેએ માલના એક જ વ્યવહાર પર ટી.ડી.એસ./ટી.સી.એસ. કરવાનો રહેશે આ બાબતે કલમ ૨૦૬સી (૧એચ) હેઠળની જોગવાઈઓને જોતાં, જો માલ ખરીદનારે કલમ ૧૯૪કયૂ હેઠળ ટી.ડી.એસ. કર્યો હોય તો તે જ વ્યવહાર પર માલ વેચનારે ટી.સી.એસ. કરવાની જરૂર રહેતી નથી. આમ, બન્ને કલમોનો તલસ્પર્શી અભ્યાસ કરતાં, માલ ખરીદી અને વેચાણના એક જ વ્યવહાર પર ટી.ડી.એસ. કરવાની પ્રાથમિક જવાબદારી માલ ખરીદનારની છે. આમ, જો માલ ખરીદનારે ટી.ડી.એસ. કર્યો હોય તો એ જ વ્યવહાર પર માલ વેચનારે ફરી ટી.સી.એસ. કરવાનો નથી. નીચેનું દ્રષ્ટાંત આ જોગવાઈઓનું વિશ્લેષણ સરળતા આપવા રજુ કર્યુ છે:

| અનું.નં. | ખરીદનારનું ટર્નઓવર | વેચનારનું ટર્નઓવર | માલ ખરીદ વેચાણ વ્યવહારનું મુલ્ય (રૂા.) | કઈ કલમની જોગવાઈઓ લાગુ પડશે |
|---|---|---|---|---|
| ૧ | ૧૩ કરોડ | ૮ કરોડ | ૫૫ લાખ | ૧૯૪કયૂ |
| ૨ | ૮ કરોડ | ૧૩ કરોડ | ૫૫ લાખ | ૨૦૬સી(૧એચ) |
| ૩ | ૧૩ કરોડ | ૧૩ કરોડ | ૫૫ લાખ | ૧૯૪કયૂ |
| ૪ | ૮ કરોડ | ૮ કરોડ | ૫૫ લાખ | લાગુ પડતું નથી |
| ૫ | ૧૩ કરોડ | ૧૩ કરોડ | ૪૫ લાખ | લાગુ પડતું નથી |

**કલમ ૧૯૪કયૂ અને કલમ ૨૦૬સી (૧એચ)ની જોગવાઈઓ વચ્ચેનો તફાવતની સરળ સમજૂતી આપતું કોષ્ટક**

| વિગત | કલમ ૧૯૪કયૂ | કલમ ૨૦૬સી(૧એચ) |
|---|---|---|
| કયારે લાગુ પડે? | જો તરતના પાછળના વર્ષમાં ખરીદનારના ધંધાનું કુલ ટર્નઓવર, કુલ વેચાણ કે ગ્રોસ રીસીપ્ટ રૂા. ૧૦ કરોડથી વધુ હોય | જો તરતના પાછળના વર્ષમાં વેચનારના ધંધાનું કુલ ટર્નઓવર, કુલ વેચાણ કે ગ્રોસ રીસીપ્ટ રૂા. ૧૦ કરોડથી વધુ હોય |
| ટી.ડી.એસ./ટી.સી.એસ.ની જવાબદારી કોની? | માલ ખરીદનારની | માલ વેચનારની |
| માલ ખરીદી કે વેચાણના વ્યવહારની કુલ રકમ મર્યાદા | રૂા. ૫૦ લાખથી વધુ રકમની માલની ખરીદી (કોઈ એક વર્ષ દરમ્યાન) | રૂા. ૫૦ લાખથી વધુ રકમનું માલનું વેચાણ (કોઈ એક વર્ષ દરમ્યાન) |
| કયારે ટી.ડી.એસ./ટી.સી.એસ. કરવું ? | જયારે વેચનારને ચુકવણી થાય અથવા તેના ખાતે હિસાબી ચોપડે જમા કરવામાં આવે– બે માંથી જે પહેલુ થાય ત્યારે | જયારે માલ વેચાણની અવેજની રકમ મળે ત્યારે |
| ટી.ડી.એસ./ટી.સી.એસ.નો દર | ૦.૧ ટકા<br>૫ ટકા (જો વેચનારનો પાન ન હોય તો) | ૦.૧ ટકા<br>૧ ટકા (જો ખરીદનારનો પાન ન હોય તો) |

**નોંધ:** તા.૧લી જુલાઈ, ૨૦૨૧થી અમલમાં આવેલી નવી કલમ ૨૦૬એબી હેઠળની જોગવાઈઓ મુજબ જો 'વેચનારે', જે વર્ષમાં આવી માલ ખરીદીનો વ્યવહાર થયો હોય તે વર્ષના તરતના પાછળના બે વર્ષોના ઈન્કમટેક્ષના રીટર્નો ભર્યા ન હોય (એટલે કે વેચનાર નોન–ફાઈલર ઓફ ઈન્કમટેક્ષ રીટર્ન હોય) અને આ બન્ને પાછળના દરેક વર્ષ માટે ટી.ડી.એસ./ટી.સી.એસ.ની રકમ રૂા. ૫૦ હજાર કે તેથી વધી જતી હોય તો મહત્તમ ૫ ટકાના દરે ટી.ડી.એસ. કરવાની જોગવાઈઓ લાગુ પડશે.

**:: સારાંશ ::**

અંતમાં, ઉપરોકત ટી.ડી.એસ. અને ટી.સી.એસ.ની નવી જોગવાઈઓ વ્યાપક અસરો કરદાતાઓ પર થનાર છે. ભલે નાણાં મંત્રાલયમાં બેઠેલા આ કાયદો ઘડનારાઓ એવું માનતા હોય કે ટી.ડી.એસ./ટી.સી.એસ.નો દર માત્ર ૦.૧ ટકા છે, પરંતુ સાથે સાથે એક સત્ય હકીકત ધ્યાનમાં લેવાવી જોઈતી હતી કે દેશના કરદાતાઓમાં એવા કેટલાયે કરદાતાઓ છે કે તેઓના ધંધાનું કુલ ટર્નઓવર રૂા. ૧૦ કરોડથી વધુ હોય છે, પરંતુ નફાનું પ્રમાણ ૦.૧ ટકાથીયે ઓછું હોય છે. વાસ્તવમાં, ટી.ડી.એસ.ની જોગવાઈઓ લાવવા પાછળનો આશય કરપાત્ર આવક પર ટેક્ષ કરવાનો છે અને સ્વાભાવિક છે કે ધંધાનું કુલ ટર્નઓવર કે કુલવેચાણ કે ગ્રોસ રીસીપ્ટ એ કરપાત્ર આવક નથી. પરિણામે, વિવિધ વેપાર, ધંધા–ઉદ્યોગ સાથે સંકળાયેલા કરદાતાઓ કે જેઓનું કુલ ટર્નઓવર રૂા. ૧૦ કરોડથી વધતું હોય તેઓના માલ ખરીદના વ્યવહારો પર ૦.૧ ટકાના દરે ટી.ડી.એસ./ટી.સી.એસ. થવાને પરિણામે ધંધાની નાણાંકીય તરલતા પર વિપરીત અસર થનાર છે અને ભવિષ્યમાં આ જોગવાઈઓનું પાલન કરવાનો ભાર ઉપરાંત બિન જરૂરી કાનૂની ગૂંચ અને વિવાદો સર્જાશે, એવી ભીતિ ભર્યુ વાતાવરણ ઉભુ થયું છે.

**(લેખક જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. અને સુરત ખાતે પ્રેક્ટિસ કરે છે.)**

# જી.એસ.ટી. હેઠળ ઇ વે બિલ અંગે વેપારીઓના મનમાં ઉઠી રહ્યા છે ઘણા પ્રશ્નો. આ પ્રશ્નોની સરળ ભાષામાં સમજૂતી

તા. ૨૬.૧૦.૨૦૨૧: વેટ, એક્સાઈઝ જેવા અનેક કાયદાની જગ્યાએ વન નેશન, વન ટેક્સ, વન માર્કેટ તરીકે ઓળખતો જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો. અગાઉ ના કાયદાઓમાં પણ વહન થતાં માલ માટે અલગ અલગ ફોર્મ બનાવવા ની જોગવાઈ હતી. જી.એસ.ટી. કાયદા માં પણ કરચોરી રોકવા માટે ઇ વે બિલ બનાવવા ની જોગવાઈ કરવામાં આવેલ છે. આ ઇ વે બિલ માં કોઈ ચૂક થાય તો વેપારીઓએ ઘણી મોટી રકમ દંડ તરીકે ભરવી પડતી હોય છે. આજે આ લેખ માં સરળ ભાષામાં ઇ વે બિલ અંગે મુંજવતા પ્રશ્નો વિષે માહિતી આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે. ઇ વે બિલ અંગે જી.એસ.ટી. કાયદા ની કલમ ૬૮ અને જી.એસ.ટી. નિયમો ના નિયમ ૧૩૮ હેઠળ જોગવાઈ કરવામાં આવેલ છે.

**ઇ વે બિલ બનાવવાની જવાબદારી મૂળભૂત રીતે કોની રહે છે?**

જવાબ: ઇ વે બિલ બનાવવાની જવાબદારી...

- જી.એસ.ટી. કાયદા હેઠળનોંધાયેલ વ્યક્તિની રહે છે.
- જ્યારે બંને ખરીદનાર તથા વેચનાર જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ હોયત્યારે, જે કરદાતા માલ નું વહન (જેમની જવાબદારી રહેતી હોય તેમની)કરતાં હોય તેની રહે છે.
- જ્યારે કોઈ નોંધાયેલ વ્યક્તિબિન નોંધાયેલ વ્યક્તિપાસે થી માલ ની ખરીદી કરે તેવા સંજોગો માંનોંધાયેલ વ્યક્તિની રહે છે.

**કઈ રકમ સુધી ઇ વે બિલ બનાવવા નું રહેતું નથી?**

જવાબ: ૫૦૦૦૦/- ( પચાસ હજાર) કે તેથી નીચી રકમ ના વેચાણો માટે ઇ વે બિલ બનાવવું ફરજિયાત નથી. જો કે કોઈ માલ જોબ વર્ક માટે એક રાજ્ય થી અન્ય રાજ્ય માં મોકલવામાં આવે તો કોઈ પણ રકમ હોય, ઇ વે બિલ બનાવવું ફરજિયાત છે. આવીજ રીતે હેંડીક્રાફ્ટ ના માલ સમાન જો અન્ય રાજ્ય માં મોકલવામાં આવે તો તેમને પણ કોઈ પણ લિમિટ ધ્યાને લીધા સિવાય ઇ વે બિલ બનાવવું ફરજિયાત છે.

**ઇ વે બિલ ક્યારે બનાવવા નું રહે છે?**

જવાબ: ઇ વે બિલ માલ નીરવાનગી થાય તે પહેલાબનાવવા નું રહે છે.

**શું ટ્રાન્સપોર્ટર કે કુરિયર એજન્સી ઇ વે બિલ બનાવી શકે છે?**

જવાબ: હા, ટ્રાન્સપોર્ટર કે કુરિયર એજન્સી પણ ઇ વે બિલ બનાવી શકે છે.

**શું વેચાણ સિવાય ના કિસ્સાઓ માટે પણ ઇ વે બિલ બનાવવું ફરજિયાત છે?**

જવાબ: હા, માલ ની હેરફેર થાય એ ભલે પછી વેચાણ સ્વરૂપે હોય કે વેચાણ સિવાય (જેવા કે એક્ઝિબીશન માટે) ઇ વે બિલ બનાવવું ફરજિયાત છે.

**ઇ વે બિલ કેટલા ભાગ નું બનેલું છે?**

જવાબ: ઇ વે બિલ બે ભાગમાં બને છે. 1. Part A અને Part B. પાર્ટ Aમાં કનસાઇનર, કંસાઈની તથા માલની રકમ, જથ્થો વગેરેની વિગતો હોય છે. પાર્ટ A કનસાઇનર અથવા કંસાઈનીએ બનાવવું ફરજિયાત રહે છે. પાર્ટ Bમાં વાહનની વિગત હોય છે. Part B, કનસાઇનર કે કંસાઈની જે માલનું વહન કરતો હોય તેમણે બનાવવું જોઈએ. પણ જો તેમણે આ પાર્ટ B બનાવ્યું ના હોય તો ટ્રાન્સપોર્ટરે આ પાર્ટ B ભરી અપલોડ કરવાનું રહે. પાર્ટ A તથા પાર્ટ B ભરાય ત્યારબાદ EWB -01 (ઇ વે બિલ) જનરેટ થઈ શકે.




**કોઈ સંજોગોમાં Part A જનરેટ કર્યું હોય પણ પાર્ટ B જનરેટ ના થયું હોય તો ઇ વે બિલના દંડ લાગુ પડે?**

જવાબ: જ્યાં સુધી પાર્ટ B જનરેટ કરવામાં ના આવે ત્યાં સુધી EWB 01 કે જે ઇ વે બિલ તરીકે ઓળખાય છે તે જનરેટ થયું ના ગણાય. આમ, પાર્ટ B બાકી હોય તો પણ ઇ વે બિલ ના બનાવવા ના દંડ લાગુ પડે.

**૫૦૦૦૦/– કે તેથી ઓછી રકમ ના માલ માટે ઇ વે બિલ જનરેટ કરી શકાય?**

જવાબ: હા, મરજિયાત રીતે ૫૦૦૦૦/- કે તેથી ઓછા મૂલ્ય હોય તો પણ ઇ વે બિલ જનરેટ કરી શકાય.

**હું એક ખેડૂત છું. હું જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ નથી. મારા માલની કિંમત ૫૦૦૦૦/–થી વધુ છે. શું મારે ઇ વે બિલ બનાવવું ફરજિયાત છે?**

જવાબ: ના, જી.એસ.ટી. કાયદા હેઠળ બિનનોંધાયેલ વ્યક્તિ જ્યારે માલ ની હેરફેર કરતો હોય ત્યારે ઇ વે બિલ બનાવવું ફરજિયાત નથી. હા, મરજિયાત રીતે તે ઇ વે બિલ બનાવી શકે છે.

**હું એક ખેડૂત છું. મારો માલ ટ્રાન્સપોર્ટરના ટ્રકમાં વહન થઈ રહ્યો છે. શું મારા ટ્રાન્સપોર્ટરે ઇ વે બિલ બનાવવું ફરજિયાત છે?**

જવાબ: ના, બિન નોંધાયેલ વ્યક્તિના માલના વહન માટે ટ્રાન્સપોર્ટર પણ ઇ વે બિલ બનાવવા જવાબદાર નથી. મરજિયાત પણે તે ઇ વે બિલ બનાવી શકે છે.

**મારો માલ ૫૦ કી.મી.ને અંદરના અન્ય વેપારીને વેચવામાં આવ્યો છે. શું ૫૦ કી.મી.ની અંદર હોવાથી મારે ઇ વે બિલ બનાવવામાં મુક્તિ મળી જશે?**

જવાબ: ના, ૫૦ કી.મી. ની લિમિટ માત્ર નોંધાયેલ વ્યક્તિ પોતાના રાજયમાંના માં જ ટ્રાન્સપોર્ટર ને માલ મોકલે તેના માટે છે. દા. ત. અમદાવાદ માં કાલુપુર નો વેપારી ગુજરાતમાંનાજ કોઈ ટ્રાન્સપોર્ટર ને માલ મોકલે કે જે ટ્રાન્સપોર્ટર ની ધંધા ની જગ્યા ૫૦ કી.મી. સુધી માં હોય તો ઇ વે બિલ પાર્ટ ઇ બનાવવા માં મુક્તિ મળે છે. એક વેપારી અન્ય વેપારી કે ગ્રાહક ને માલ મોકલે તેમાં ૫૦ કી.મી. ની મર્યાદા ધ્યાને લેવાની રહેતી નથી. આ સંજોગો માં પણ પાર્ટ અ તો બનાવવા નું રહેજ છે. આવી રીતે જ્યારે ટ્રાન્સપોર્ટર ના ગોડાઉન થી માલ ખરીદનાર ના સ્થળ ઉપર મોકલવાનો થતો હોય અને બંને જગ્યા એકજ રાજ્ય માં પડતી હોય તો ૫૦ કી.મી. સુધી ઇ વે બિલ બનાવવું ફરજિયાત રહેશે નહીં.

**હું એક ખેડૂત છું. મારો માલ એક નોંધાયેલ કરદાતાને વેંચવા વહન થઈ રહ્યો હતો. રસ્તા માં અધિકારી મારા માલ ને રોકી અમારા ખરીદનાર ઉપર ઇ વે બિલ ના બનાવવા અંગે દંડ કર્યો. શું અધિકારીનું આ પગલું સાચું છે?**

જવાબ: હા, અધિકારીનું પગલું નિયમો મુજબ બરોબર કહેવાય. નિયમ ૧૩૮(૩) હેઠળ આપવામાં આવેલ ખુલાસા ૧ મુજબ, જો બિન નોંધાયેલ વ્યક્તિ દ્વારા માલ નું વહન કોઈ નિશ્ચિત નોંધાયેલ કરદાતા માટે કરવામાં આવ્યું હોય તો તેવા સંજોગો માં ખરીદનાર કરદાતા ઇ વે બિલ બનાવવા જવાબદાર થઈ જશે.

**મારો માલ જે ટ્રકમાં જતો હતો તે ટ્રકમાં ટેકનિકલ પ્રોબ્લેમ થયો છે. હવે મારે આ માલને બીજા ટ્રકમાં તબદીલ કરવાનો છે તો મારે શું વિધિ કરવાની રહે?**

જવાબ: જ્યારે માલ એક વહાનમાંથી બીજા વહાનમાં તબદીલ થતો હોય ત્યારે આ માલની રવાનગી થાય તે પહેલા જે વ્યક્તિએ ઇ વે બિલ નો પાર્ટ A ભર્યો હોય તેમણે પોર્ટલ ઉપર નવા વહાનની વિગતો આપી પાર્ટ ઇ અપડેટ કરી આપવાનું રહેશે.

**મારા માલનું વેચાણ રસીદ બદલા થી થયું છે. મારા ટ્રાન્સપોર્ટરે માલ અન્ય ટ્રાન્સપોર્ટરને આપી દીધો છે. હવે મારે શું કરવાનું રહે?**

જવાબ: તમારા ટ્રાન્સપોર્ટરે અથવા તમે જ્યારે સંપૂર્ણ માલ અન્ય ટ્રાન્સપોર્ટર ને એસાઇન કર્યો હોય ત્યારે જૂના ટ્રાન્સપોર્ટરે અથવા તમારે તમારા ઇ વે બિલ ના યુઈક નંબર નવા રજીસટર્ડ અથવા એનરોલ્ડ ટ્રાન્સપોર્ટર ને આપી અને પાર્ટ B નવા ટ્રાન્સપોર્ટરે અપડેટ કરવાનો રહે છે.

**હું એક ટ્રાન્સપોર્ટર છું. મારે એક સાથે ઘણા બધા કનસાઈનમેંટની હેરફેર કરવાની થાય છે. આ તમામ કનસાઈનમેંટની રકમ ૫૦૦૦૦/– થી વધુ છે. શું અધિકારી રસ્તામાં ઇ વે બિલ માંગી શેકે?**

જવાબ: ના, જો વાહનમાં વહન થતાં એક કંસાઈમેંટની રકમ ૫૦૦૦૦/- થી ઓછી હોય, અને કુલ માલની રકમ ૫૦૦૦૦/-થી ઉપર હોય તો પણ હાલના લાગુ નિયમો મુજબ ઇ વે બિલ બનાવવાની જવાબદારી ના આવે. (આ જોગવાઈ નો અમલ સરકાર દ્વારા જાહેર કરાય તે તારીખ થી અમલ કરવામાં અવશે. આ અમલ અંગેનું નોફિકેશન હજુ બહાર પાડવામાં આવ્યું નથી. આમ, હાલ ટ્રાન્સપોર્ટરની નાના નાના કનસાઈનમેંટ બાબતે ઇ વે બિલ બનાવવા જવાબદારી રહેતી નથી.)

**હું જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ વ્યક્તિ છું. મારા નામે કોઈ ઇ વે બિલ બનાવવામાં આવે તો શું મને તેની જાણ થાય?**

જવાબ: હા, નોંધાયેલ વ્યક્તિની મોબાઈલ નંબર, ઇ મેઈલ ની વિગતો જી.એસ.ટી. પોર્ટલ માં હોય છે. આ પોર્ટલ માં જે મોબાઈલ નંબર ઉપર જખજ દ્વારા જાણ કરવામાં આવે છે.

**મે ખરીદી નથી કરી છતાં પણ મારા નામે ઇ વે બિલ બન્યા અંગેનો SMS મને આવ્યો છે. શું મારે આ મેસેજ ને ગંભીરતા થી લેવો જોઈએ? હું શું કરી શકું છું?**

જવાબ: હા, જો તમે ખરીદી કરેલ ના હોય છતાં જો તમને ઇ વે બિલ અંગે જખજ આવેલ હોય તો આ અંગે ઇ વે બિલ જનરેટ થયા ના ૭૨ કલાક માં તમે ઇ વે બિલ પોર્ટલ ઉપર રદ કરી શકો છો.

**હું જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ નથી. શું મારા નામે કોઈ ઇ વે બિલ બને તો તેની જાણ મને SMS કે ઇ મેઈલ દ્વારા કરવામાં આવે?**

જવાબ: હા, જો તમારી વિગતો GST પોર્ટલ માં બિન નોંધાયેલ તરીકે આપેલ હશે તો બિન નોંધાયેલ વ્યક્તિને પણ જાણ કરવામાં આવશે.

**મે વેચનાર તરીકે ઇ વે બિલ જનરેટ કર્યું છે. આ ઇ વે બિલ ક્યાં સુધી વેલીડ રહે?**

જવાબ: તમે જનરેટ કરેલ ઇ વે બિલ જો ૧૦૦ કી.મી. ના અંતર સુધી હોય તો જનરેટ કર્યાના ૨૪ કલાક સુધી વેલીડ રહે. ત્યાર બાદ દર ૧૦૦ કી.મી. દીઠ ૨૪ કલાક નો સમય સિસ્ટમ દ્વારા ઓટોમેટિક ગણી લેવામાં આવશે અને ઇ વે બિલ ત્યાં સુધી વેલીડ ગણાશે.

**જો હું ૭૨ કલાકમાં મારે GSTIN ઉપર જનરેટ થયેલ ઇ વે બિલ રિજેક્ટ ના કરૂ તો શું આ ખરીદીઓ મારી છે તેવું માની લેવામાં આવશે?**

જવાબ: હા, જો જે ખરીદનારના નામ ઉપર કોઈ જી.એસ.ટી. ઇ વે બિલ જનરેટ થયેલ હોય અને તે ઇ વે બિલ જનરેટ થયાના ૭૨ કલાકમાં તેને રિજેક્ટ ના કરે તો તે ઇ વે બિલ ઓટોમેટિક એક્સેપ્ટ થયેલ ગણાય.

**કઈ કઈ વસ્તુ માટે/સ્થિતિ માટે ઇ વે બિલ બનાવવું જરૂરી રહેતું નથી.**

નીચેની વસ્તુઓ માટે/સ્થિતિઓમાં ઇ વે બિલ બનાવવું જરૂરી રહેતું નથી.

૧. જ્યારે એનેક્ષરમાં જાહેર કરેલ વસ્તુનું વહન થતું હોય ત્યારે.
- LPG ગેસ સિલિન્ડર
- સસ્તા અનાજ ની દુકાનો દ્વારા વેચવામાં આવતું કેરોસીન
- પોસ્ટ દ્વારા મોકલતા પોસ્ટલ બેગેજ
- હીરા તથા તેના જેવા મૂલ્યવાન મોટી
- ઘરેણાં, સોનાર ના સાધનો
- કરન્સી
- વપરાયેલ ઘર ગથ્થું માલ સામાન.

૨. લારી, બળદ ગાડું વગેરે નોન મોટરાઇઝ વિહીકલમાં માલ નું વહન થતું હોય ત્યારે.
૩. રાજ્યો દ્વારા ઇ વે બિલ અંગે જે મર્યાદા જાહેર થયેલ હોય તે મર્યાદા સુધી માં જો માલ નું વહન થતું હોય તેવા કિસ્સામાં. (ગુજરાત માં આ મર્યાદાઓ ૫૦૦૦૦/- ની છે તથા ટ્રાન્સપોર્ટર ને માલ મોકલ્યા ના કિસ્સામાં આ ૫૦ કી.મી. અંતર અંગે ની છે)
૪. સરકાર દ્વારા જાહેરનામા માં જાહેર કરેલ હોય તેવા માલ સંદર્ભે ઇ વે બિલ ની જરૂરિયાત રહેશે નહીં. આ જાહેરનામામાં મોટાભાગે કરમુક્ત ચીજ વસ્તુઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

૧. નોન જી.એસ.ટી. માલ જેવાકે પેટ્રોલ, ડીઝલ, લીકર વગેરેનું વહન થતું હોય ત્યારે ઇ વે બિલ ની જરૂ રહેશે નહીં.
૨. જ્યારે માલનું વહન એ જી.એસ.ટી. કાયદાના શિડ્યુલ III મુજબ સપ્લાયના ગણાતું હોય ત્યારે ઇ વે બિલ જરૂરી રહેશે નહીં.
૩. જ્યારે ખાલી કાર્ગોનું વહન થતું હોય ત્યારે ઇ વે બિલ જરૂરી રહેશે નહીં.
૪. ૨૦ કી.મી. સુધીના અંતરમાં જો માલનું વહન ડિલિવરી ચલણ સાથે હોય અને તે માલ વે બ્રિજ સુધી મોકલવામાં આવેલ હોય તો ઇ વે બિલ જરૂરી રહેશે નહીં.

**શું જી.એસ.ટી. રિટર્ન ના ભરવાના કારણે ખરીદનાર કે વેચનાર તરીકે મારા ઇ વે બિલ બનવામાં અથવા બનાવવામાં કોઈ તકલીફ પડી શકે?**

જવાબ: હા, સતત બે રિટર્ન ના ભરવામાં આવ્યા હોય તો ખરીદનાર તરીકે તમારા GSTIN ઉપર કોઈ ઇ વે બિલ જનરેટ થઈ શકે નહીં. આવીજ રીતે વેચનાર તરીકે સતત બે રિટર્ન બાકી હોય તો તમે ઇ વે બિલ બનાવી શકો નહીં.

આ લેખ દરેક વેપારીઓ સુધી પહોચે તે જરૂરી છે. આપ આપના અસીલો, મિત્રો ને આ લેખ ફોરવર્ડ કરી, તેઓને ઇ વે બિલ અંગે ની માહિતી આપવા મદદરૂપ બનો તેવી આશા તથા વિનંતી. આ લેખ અંગે કોઈ પ્રશ્ન હોય તો આપ taxtodayuna@gmail.com ઉપર મોકલી શકો છો.

(**ડિસ્કલેમર:** આ લેખ લખવામાં બનતી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખના મંતવ્યો લેખકના પોતાના મંતવ્યો છે. વેપારીએ આ વિષે સચોટ માહિતી મેળવવા પોતાના CA, એડવોકેટ અથવા ટેક્સ કન્સલ્ટન્ટ સાથે ચર્ચા કરવી જરૂરી છે.)

**(આ લેખ ૦૧.૧૧.૨૦૨૧ના રોજ ગુજરાતના જાણીતા દૈનિક ફૂલછાબની પૂર્તિવ્યાપારભૂમિમાં પ્રકાશિત થયેલ છે)**

**(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતા નથી.**

# Demo by Namo.. Successful or Failure???

ભાઈઓ તથા બહેનો.... ૦૮ નવેમ્બર ૨૦૧૬ના રોજ રાત્રિના ૮ કલાકે જ્યારે પ્રધાનમંત્રી મોદીએ ડિમોનેટાઈઝેશન/નોટબંધીની જાહેરાત કરી અને ભારત અને ભારતીયોના જીવનમાં અભૂતપૂર્વ પરીવર્તન આવી ગયું. આજે આ નોટબંધીની જાહેરાતને પાંચ વર્ષનો સમય વ્યતીત થઈ ગયો છે. શું હતો આ નોટબંધીનો હેતુ?? શું આ હેતુ નોટબંધીના પાંચ વર્ષ બાદ પૂર્ણ થયો છે?? શું છે પરિસ્થિતિ જમીનીસ્તરે પાંચ વર્ષ પછી?? નોટબંધી સફળ છે કે નિષ્ફળ તે બાબતે અવારનવાર ચર્ચાઓ થતી રહે છે. આજે આ લેખમાં નોટબંધીની સફળતા-નિષ્ફળતા બાબતેના મારા અંગત મત ઉપરાંત વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓના અભિપ્રાય લેવામાં આવ્યા છે.

**નોટબંધીના ઉદ્દેશઃ**

નોટબંધી લાગુ કરવા પાછળનો સૌથી મોટો ઉદ્દેશ અર્થતંત્રમાં રહેલું કાળું નાણું ઓછું કરવા તથા કાળાનાણાં વડે ચાલતા સમાંતર અર્થતંત્રને નાબૂદ કરવાનો અને ટેક્સ કલેક્શન વધારવાનો હતો. આ ઉપરાંત દેશમાં રહેલા નકલી નોટોના કારોબારને નષ્ટ કરવા, આતંકવાદી પ્રવૃતિઓમાં વપરાતા નાણાંને રોકવા, દેશમાં ડિજિટલ કેશલેસ ઈકોનોમીને વધારવાના ઉદ્દેશ સાથે નોટબંધી લાગુ કરવામાં આવી હતી.

**શું નોટબંધીના ઉદ્દેશ પૂરા થયા?**

નોટબંધીના પાંચ વર્ષ બાદ આજે આ વિષય ઉપર ચર્ચાતો સૌથી મહત્વનો પ્રશ્ન હોય તો તે આ પ્રશ્ન છે. શું પાંચ વર્ષ બાદ લાગે છે કે નોટબંધીના ઉદ્દેશ પૂરા થયા છે??? આવો આ વિષય ઉપર એક અંદાજ મેળવવા પ્રયાસ કરીએ.

**કાળુંનાણું રોકવામાં જોઈએ તેવી સફળતા મળી નહીંઃ**

સરકાર દ્વારા જ્યારે નોટબંધીની જાહેરાત કરવામાં આવી હતી ત્યારે એવું આંકલન કરવામાં આવ્યું હતું કે નોટબંધીમાં મોટા પ્રમાણમા ૫૦૦ અને ૧૦૦૦ની નોટમાં કાળુંનાણું ધરાવનાર વ્યક્તિ પોતાનું કાળુંનાણું બેન્કમાં જમા નહીં કરાવે. આમ, નોટબંધી બાદ કાળાનાણાંનું ચલણ નહીં રહે અને દેશના અર્થતંત્ર ઉપર આ કાળાનાણાંનો બોજ ઓછો થશે. ૨૦૧૮ની સાલમાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)ના અહેવાલ મુજબ ચલણમાં હોય તેવી ૫૦૦ તથા ૧૦૦૦ની ૯૯.૩% નોટો બેન્કમાં જમા કરાવવામાં આવી હતી. આમ, માત્ર ૦.૭% નોટ જ જમા કરવામાં આવી ના હતી. કુલ ૧૫.૪૧ લાખ કરોડની રકમની નોટ ડિમોનેટાઇઝ કરવામાં આવેલ હોય, જે પૈકી ૧૫.૩૦ લાખ કરોડ નોટો બેન્કમાં જમા કરાવી આપવામાં આવી હતી. માત્ર ૧૦૭૨૦ કરોડના મૂલ્યની ડીમોનેટાઇઝ નોટો જ જમા ના થઈ શકી હતી. નિષ્ણાંતો માંને છે કે આ જમા ના થયેલી નોટો પૈકી તમામ રકમ કાળાનાણાંની છે તે માનવું ભૂલ ભરેલું છે. ઘણા એવા કિસ્સા છે કે વ્યાવહારિક મુશ્કેલીઓના કારણે લોકો પોતાની મહેનતની કમાણી તથા બચત બેન્કમાં જમા કરાવી શક્યા નથી. નોટબંધીનો સૌથી મહત્વનો આ હેતુ મહદઅંશે સફળ થયો નથી તેમ ગણી શકાય.

**ટેક્સ કલેક્શનમાં વધારોઃ**

ઈન્કમ ટેક્સ કલેક્શનમાં તથા ઈન્કમ ટેક્સ રિટર્ન ભરનારાની સંખ્યામાં નોટબંધી બાદ વધારો થયો છે તે ચોક્કસ છે. રિટર્ન ભરનારા વર્ગ સાથે ટેક્સ ભરનાર વર્ગમાં પણ ખાસ્સો વધારો જોવા મળ્યો હતો. ટેક્સમાં થયેલ આ વધારો નોટબંધી પહેલા બહાર પાડવામાં આવેલ ઈન્કમ ડિસ્કલોઝર સ્કીમને પણ આભારી હતો. નોટબંધી બાદ ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા ઓપરેશન ક્લીન મની શરૂ કરવામાં આવ્યું હતું. ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા ૨.૫ લાખથી વધુની રકમ બેન્કમાં જમા કરાવનાર લોકોને આ જમા રકમ બાબતના સ્ત્રોત અંગે પૂછપરછ કરવામાં આવી હતી. આ જમા રકમ બાબતે અનેક કરદાતાઓ પર તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ આજે પાંચ વર્ષે પણ હજુ ઘણા કરદાતાઓ ઉપર ચાલુ હોવાના અહેવાલો મળી રહ્યા છે. પરંતુ ટેક્સ ફિલ્ડ સાથે જોડાયેલ વ્યક્તિ તરીકે એક બાબતની નોંધ ચોક્કસ લેવી પડે કે નોટબંધી બાદ લોકોની માનસિકતામાં પરીવર્તન જરૂર આવ્યું છે. લોકો યોગ્ય ટેક્સ ભરવા અંગે સભાન બન્યા છે અને એવું માનતા થયા છે કે મોદીસાહેબની કામ કરવાની પદ્ધતિ જોતાં હવે જો યોગ્ય ટેક્સ નહીં ભરવામાં આવે તો આગળ જતાં વધુ મુશ્કેલી ભોગવવી પડી શકે છે. આમ, અંગત રીતે હું ચોક્કસ એવું માનું છું કે નોટબંધીના કારણે ટેક્સ ભરવાં અંગેની માનસિકતામાં પરીવર્તન આવ્યું છે.




**નકલી ચલણી નોટોનું દૂષણઃ**

નોટબંધીના કારણે શરૂઆતમાં ૫૦૦ અને ૧૦૦૦ ની ડિમોનેટાઇઝ નોટોના નકલી ચલણી નોટોના નેટવર્કને ચોક્કસ મોટો ફટકો પડ્યો હશે તે બાબતે બેમત નથી. આ પ્રકારના કાળા કારોબાર સાથે જોડાયેલ વ્યક્તિની ઊંઘ હરામ કરનારા આ નિર્ણયથી ટૂંકાગાળામાં નકલી નોટોનું ચલણ ચોક્કસ ઘટ્યું હતું. પરંતુ વિવિધ અહેવાલો મુજબ ધીરે ધીરે ૫૦૦ની નવી નોટો તથા ૨૦૦૦ની નોટોની પણ નકલી નોટો બજારમાં ફરવા માંડી છે. હા, આ કાળા કારોબાર સાથે સંકળાયેલ લોકોને ઝટકો આપી નોટબંધીના આ નિર્ણયે તેઓને મુશ્કેલ સ્થિતિમાં મૂકી આપ્યા હશે તથા તેઓની માનસિકતાને નુકશાન થયું હશે તે બાબતે કોઈ શંકાના સ્થાન નથી. નકલી ચલણી નોટો બાબતે નોટબંધી ટૂંકા ગાળા માટે ચોક્કસ સફળ ગણાય પરંતુ લાંબાગાળામાં આ દૂષણને રોકી શકવામાં સફળતા મળી નથી તેવું મનાઈ રહ્યું છે.

**આતંકવાદી પ્રવૃતિ ઉપર અસરઃ**

નોટબંધી લાગુ કરવાનો એક ગર્ભિત હેતુ આતંકવાદી પ્રવૃતિમાં વપરાતા કાળાનાણાંનો ઉપયોગ રોકવાનો પણ હતો. કાશ્મીર વિસ્તારમાં રોજબરોજ થતાં પત્થરમારા, છૂટા છવાયા પરંતુ નિરંતર થતાં આતંકવાદી છમકલા તે આર્થિક પીઠબળ દ્વારા થતાં હોવાના સરકાર પાસે અહેવાલો હતા. આ આતંકવાદી પ્રવૃતિને રોકવા આ નોટબંધી ઉપયોગી બનશે તેવી સરકારની માન્યતા હતી. વિવિધ અહેવાલો મુજબ નોટબંધી બાદથી કશ્મીરમાં રોજ થતાં પત્થરમારાની સમસ્યા મહદઅંશે બંધ થઈ ગઈ હતી. આતંકવાદી પ્રવૃતિઓ માટે મળી રહેલા કાળાનાણાં ઉપર રોક લાગી જતાં આ પ્રવૃતિઓ આર્થિક પ્રલોભન વડે ચલાવવી મુશ્કેલ બની ગઈ હતી. આર્થિક સંકળામણને કારણે આતંકવાદી પ્રવૃતિઓ અટકાવવામાં સારી સફળતા મળી છે તેવા અહેવાલો છે અને નોટબંધી દરમ્યાન આતંકવાદીઓ (નક્સલીઓ સહિત) નો પ્રત્યાર્પણનો દર સૌથી ઊંચો રહ્યો હોવાના અહેવાલો છે. આમ, આતંકવાદી પ્રવૃતિઓને ઓછી કરવામાં નોટબંધી સફળ રહી છે તેવું કહી શકાય.

**કેશ-લેસ ઈકોનોમી વધારવા ઉપર અસરઃ**

નોટબંધી બાદ ડિજિટલ પેમેન્ટ ખાસ્સું એવું લોકપ્રિય બની રહ્યું છે. ડિજિટલ પેમેન્ટ વધારવાને નોટબંધીનો એક મહત્વનો હેતુ ગણવામાં આવે છે. નોટબંધી દરમ્યાન એટલે કે નવેમ્બર તથા ડિસેમ્બર ૨૦૧૬માં રોકડની તકલીફોને કારણે ડિજિટલ પેમેન્ટમાં ખૂબ મોટો ઉછાળો જોવા મળ્યો હતો. ૨૦૧૮ સુધીમાં ડિજિટલ પેમેન્ટમાં ૨૦૧૬ સાપેક્ષમાં બમણો વધારો જોવા મળ્યો હતો. જો કે ધીરે ધીરે રોકડ તરલતા વધતાં ડિજિટલ પેમેન્ટના આ વધારાની રફતારમાં થોડો ઘટાડો જોવા મળ્યો હતો. પરંતુ એક બાબત ચોક્કસ છે આજે ભારતના લોકોએ ખાસ કરીને યુવા વર્ગે ડિજિટલ પેમેન્ટને સંપૂર્ણ રીતે સ્વીકારી લીધું છે. આજે, ડિજિટલ પેમેન્ટ (UPI), ક્રેડિટ કાર્ડ દ્વારા લોકો ચાની લારીથી માંડી મોબાઈલની ખરીદી માટે ચુકવણી કરી રહ્યા છે. છેલ્લા ૩ મહિનામાં ભારતના ઉત્તર-દક્ષિણ તથા પૂર્વ-પશ્ચિમ એમ તમામ દિશાઓમાં ફરવાનો મોકો મળ્યો છે. આ પ્રવાસ દરમ્યાન એક બાબતની ચોક્કસ નોંધ લીધી છે કે દિલ્હી હોય કે ચેન્નઈ, કોલકત્તા હોય કે અમદાવાદ ડિજિટલ પેમેન્ટમાં આજે ખાસ્સો એવો વધારો થયો છે. નોટબંધીને આ બાબતનું સંપૂર્ણ શ્રેય ના આપવામાં આવે તો પણ નોટબંધીને આ બાબતે પ્રથમ પગલું તો માનવું જ રહ્યું. આમ, કહી શકાય કે ડિજિટલ પેમેન્ટ વધારવામાં નોટબંધી મહદઅંશે સફળ રહી ગણાય.

**નોટબંધી દરમ્યાન લોકો દ્વારા વેઠવામાં આવી અનેક મુશ્કેલીઓઃ**

નોટબંધીની જાહેરાત થતાં લોકો દ્વારા અનેક હાડમારીઓ ભોગવવાની સ્થિતિ ઊભી થઈ હતી. સામાન્ય લોકો માટે પોતાની બચતની પૂંજી બેન્કમાં જમા કરાવવાની મુશ્કેલી હતી તો બીજી તરફ પોતાના રોજ બરોજના વ્યવહારો ચલાવવા નવી નોટો મેળવવા બેન્કમાં લાંબી કતારોમાં ઊભા રહેવાની સમસ્યા હતી. ખૂબ મોટા પ્રમાણમા ચાલતી અર્થવ્યવસ્થામાં જ્યારે અંદાજે ૮૦% થી વધુ ચલણી નાણું રોકી આપવામાં આવ્યું હોય ત્યારે જલ બિન મછલી જેવી જ સ્થિતિ ઉપસ્થિત થાય તે સ્વાભાવિક છે. સંસદમાં વિપક્ષ દ્વારા કરવામાં આવેલી રજૂઆતો મુજબ નોટબંધીના કારણે ૧૦૦ થી વધુ લોકોના મોત નિપજ્યાં હતા. જોકે સરકાર દ્વારા આધિકારિક રીતે ચાર લોકોના મૃત્યુ થયા હોવાની પુષ્ટિ કરવામાં આવી હતી જે પૈકી ૩ બેન્ક કર્મચારીઓ હતા અને ૧ ગ્રાહક હતો તેવી વિગતો બહાર પાડવામાં આવી છે.

આજે પાંચ વર્ષ પછી પણ નોટબંધી દરમ્યાન જમા કરાવેલ રકમના સ્ત્રોત બાબતની તપાસ ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે. જે કેસોમાં મોટી રકમ જમા કરાવવાના કારણે મોટો ઈન્કમ ટેક્સ ભરવાની જવાબદારી ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા ઊભી કરવામાં આવી છે તે માટેની આપીલો વર્ષો સુધી ચાલુ રહેશે. જમીની સ્તરે ટેક્સ અંગેના કેસો સાથે જોડાયેલો હોવાના કારણે એવું ચોક્કસ માનું છું કે નોટબંધીમાં જે કરદાતાઓ વિરુદ્ધ મોટી માંગણાની રકમ ઊભી થઈ છે તેમાથી મોટાભાગની ખોટી અને ટેકનિકલ કારણોસર ઊભી થયેલ છે. આ ઉપરાંત કરદાતાઓને પોતે જમા કરાવેલ રકમ સાબિત કરવા જે મુશ્કેલી થઈ છે તેના અમે ટેક્સ પ્રોફેશનલ્સ મૂક શાક્ષી છીએ. કોઈ કરદાતા પોતાની જમા રકમ સાબિત કરવામાં ટેકનિકલ કારણોસર નિષ્ફળ જાઇ તો પણ ૭૭% જેવો ટેક્સ લાદવામાં આવે છે. ટેક્સનો આ દર ખૂબ વધુ, અવ્યવહારિક અને બિનતાર્કિક ગણી શકાય. નોટબંધીના આ પાંચ વર્ષ પછી પણ આ ટેક્સનો આ ખાસ દર જાળવી રાખવામા આવ્યો છે. નોટબંધીણે આજે પાંચ વર્ષ થઈ ગયા છે આમ છતાં ૭૭% જેવા આ ખાસ દરે આજે પણ ઘણા કિસ્સાઓમાં કરદાતાને ટેક્સ ભરવાં જવાબદાર ઠેરવવામાં આવી રહ્યા છે. આ દરમાં સુધારો કરવો ખૂબ જરૂરી છે. જો આ ઊંચા દરો દૂર કરવામાં નહીં આવે તો ટેરેરીઝમ તો દૂર થતાં થશે પરંતુ ટેક્સ ટેરેરીઝમ ચોક્કસ ઘર કરી જશે. મારા અંગત મત પ્રમાણે નોટબંધીનો વિચાર એ ખૂબ જરૂરી અને મહત્વનો નિર્ણય હતો. વડાપ્રધાન મોદીની નીડર વ્યક્તિત્વનો એમાં પ્રભાવ દેખાઈ આવે છે. આ પ્રકારના અલગ તથા સખત નિર્ણયથી તકલીફ તમામને થાય છે પણ લાંબાગાળાના હિત મતે આ પ્રકારના આકરા નિર્ણયો ઉપયોગી થતાં હોય છે. ભારતને Cashless Economy બનાવવી શક્ય નથી પણ Less Cash Economy ચોક્કસ બનાવી શકાય છે. અને છેલ્લે એટલું કહી આ લેખ પૂરો કરીશ કે.. Efforts doesn't always give expected results but continuous Honest efforts one day, changes things surely.

**(આ લેખ વ્યાપારમાં ૦૮.૧૧.૨૦૨૧ ના રોજ પ્રકાશિત થયેલ છે)**

## વિવિધ ક્ષેત્ર સાથે જોડાયેલ વ્યક્તિઓના નોટબંધી વિષેના અભિપ્રાય

### જયેન્દ્ર તન્ના, અમદાવાદ (પ્રમુખ ગુજરાત ટ્રેડર્સ ફેડરેશન)

નોટબંધીએ રિટેઈલ વેપાર જગત માટે મરણતોલ સાબિત થઈ છે તેવું હું ચોક્કસ માનું છું. ભારતમાં છૂટક વેપાર ૯૦% થી વધુ રોકડ ઉપર નિર્ભર છે. નોટબંધી દરમ્યાન નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૬ માં અમારા છૂટક વેપારીઓએ પુષ્કળ હાડમારી ભોગવી હતી. વેચાણમાં ઘટાડો, ઉઘરાણીમાં વધારો, ઉત્પાદનમાં ઘટાડો જેવી મુશ્કેલીઓ વેપાર જગત માટે ઊભી થઈ હતી. નોટબંધીને કદાચ કાળુંનાણું ડામવા મહત્વનો ઉપાય ગણી શકાય પરંતુ જે રીતે નોટબંધીનો અમલ થયો તેના કારણે વેપાર જગતે તથા સામાન્ય પ્રજાએ ખૂબ હાડમારી ભોગવવી પડી છે. ઉપરાંત નોટબંધીના હેતુઓ સિદ્ધ થયા હોય તેવું પણ આ પાંચ વર્ષ પછી ખાસ જણાતું નથી.

### જ્યોતિબેન પોપટ, અર્થશાસ્ત્રી, પૂર્વ વ્યાખ્યાતા, ઉના

નોટબંધી જેવા પગલાં કાળુંનાણું ડામવા મહત્વના છે તે બાબતે અર્થશાસ્ત્રમાં ઉલ્લેખ છે. અગાઉ પણ ૧૯૪૬ ની સાલમાં પરતંત્ર ભારતમાં તથા આઝાદી પછી ૧૯૭૮ ની સાલમાં મોરારજી સરકાર દ્વારા નોટબંધીનું પગલુ ભરવામાં આવ્યું હતું. નોટબંધીનું પગલું એ દેશમાં કળાનાણાં રોકવા માટે ઉઠાવવામાં આવેલ મહત્વનુ પગલું ગણી શકાય. આ પગલું નીતિવિષયક રીતે ચોક્કસ સારું ગણું છું પરંતુ જે રીતે આ નોટબંધીનું જમિની સ્તરે અમલ થયો તે બાબત ચોક્કસ નોટબંધીની સફળતાને નકારાત્મક અસર કરી આપે છે. નોટબંધી દરમ્યાન રોકડની કમી, રકમ જમા કરાવનાર લોકો ઉપર ઈન્કમ ટેક્સ દ્વારા તપાસ, આ તપાસમાં મોટા માથાઓ બચી ગયા અને નાના લોકો હેરાન થઈ રહ્યા અંગેના અહેવાલો સતત સાંભળવા મળ્યા હતા. એક અર્થશાસ્ત્રી તરીકે નોટબંધીની નીતિને ચોક્કસ આવકારદાયક ગણું છું પરંતુ તેના અમલમાં ખૂબ તૈયારી જરૂરી છે જેથી લોકોને ઓછામાં ઓછી હાડમારી પડે અને લાંબાગાળા સુધી નોટબંધીનો લાભ અર્થતંત્રને મળી શકે.

### લલિત ગણાત્રા, જેતપુર (અગ્રણી ટેક્સ એડવોકેટ)

નોટબંધીને હું મોદી ૧.૦નો પહેલો માસ્ટર સ્ટ્રોક ગણતો હતો. નોટબંધીથી જેવા પરિણામ સરકાર તરફથી વિચારેલ હતા એવા પરિણામ મળ્યા નહીં. ફાયદા અને નુકશાનનો સારાંશ જોતા એ ખ્યાલ આવે છે કે, આમાં નુકશાન વધારે છે અને ફાયદા ઓછા. ફકત રીટર્ન ભરનારની સંખ્યામાં ઘણો વધારો થયો એ ફાયદો સરકાર પક્ષે જોઈ શકાય, ટેક્ષ ભરનાર વધ્યા હોય એવું ઓછું જણાય આવે છે. આ ઉપરાંત નોટબંધીમાં ઘણા એવા કેસો પણ હતા કે જે ખરેખર તપાસને પાત્ર હતા પણ વિભાગનો સોફ્ટવેર તે પકડવામા અસમર્થ જણાયો અને આવા કેસો તપાસનો સમય પૂર્ણ થઈ ગયો. આની સામે નુકશાની સૌથી વધુ માર જો નોટબંધી ના કારણે થયો હોય તો એ રીયલ એસ્ટેટ ક્ષેત્રને ગણી શકાય. આપણે એમ પણ કહી શકીએ કે દસ્તાવેજો થવાના સંપૂર્ણપણે બંધ થઈ ગયા હતા. સરકાર નોટબંધી જેવા તુક્કા લડાવીને બે નંબરનું સમાંતર અર્થતંત્ર રાતોરાત બંધ કરાવા ઇચ્છતી હતી પણ એ આવા તુક્કા થી ક્યારે પણ આ વ્યવહારો બંધ થાય એમ નથી. આવા તુક્કાથી મોટા પ્રમાણમા ગરીબ-મજુર વર્ગને ઘણો સમય સુધી બેરોજગાર રહેવુ પડ્યું. અનેક રોકાણકારોના રુપિયા રીયલ એસ્ટેટમાં નોટબંધીને લીધે આવેલ મંદીના કારણે ફસાઈ ગયા હતા. આમ હું નોટબંધીને હું એક મોટી નિષ્ફળતા માનું છું.

# સાવધાન!! હવે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ પાસે છે કરદાતાની તમામ માહિતી!!


તા. ૧૬.૧૧.૨૦૨૧: ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા નવા એન્યુઅલ ઈન્ફોર્મેશન સિસ્ટમ (AIS)ની સેવા ઈન્કમ ટેક્સ પોર્ટલ ઉપર શરૂ કરવામાં આવી છે. આ નવા એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટમાં કરદાતાની આવક તથા વ્યવહારો અંગેની માહિતી વધુ સુદ્રઢ કરદાતાને મળી રહે તેવા પ્રયાસ કરવામાં આવ્યા છે. ઈન્કમ ટેક્સ હેઠળ બેન્કો, સબ રજીસ્ટ્રાર ઓફિસ, ક્રેડિટ કાર્ડ આપતી કંપનીઓ, શેર-સિક્યોરિટી બહાર પાડતી કંપનીઓ, ડિવિડંડની ચુકવણી કરતી કંપનીઓ, શેર બ્રોકરો, વિવિધ ધંધાકીય એકમો ઉપર અમુક ખાસ વ્યવહારોની વિગત ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને આપવા જવાબદાર બનાવવામાં આવ્યા છે. આ વ્યવહારોની વાત કરીએ તો બેન્ક દ્વારા ચૂકવવામાં આવતા ફિક્સ ડિપોઝિટ ઉપરનું વ્યાજ, સેવિંગ બેન્ક વ્યાજ, કંપનીઓ દ્વારા ચૂકવવામાં આવતા ડિવિડંડની વિગતો, શેર-મ્યુચલ ફંડમાં કરવામાં આવેલ રોકાણ તથા તેમાથી થયેલ આવક, વિદેશમાં મોકલવામાં આવેલ રકમ, એક ધંધાકીય એકમના અન્ય ધંધાકીય એકમ સાથેના નિયત વ્યવહારો જેવી માહિતી ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને મોકલવા જવાબદાર બનાવવામાં આવ્યા છે. આમ, વિવિધ એજન્સી દ્વારા કરદાતાઓ અંગે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને આપવામાં આવેલ માહિતીઓ ઉપરથી નવું સુદ્રઢ એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ હવે કરદાતાઓને પોતાના ઈન્કમ ટેક્સ લોગિનમાં જોવા મળશે. આ એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટમાં કરદાતાની આવકની માહિતી ઉપરાંત કરદાતા દ્વારા ભરવામાં આવેલ ઈન્કમ ટેક્સ, થયેલ ઝઉજ/ઝઈજ ની વિગતો ઉપરાંત કરદાતા ઉપર કોઈ ડિમાન્ડ બાકી હશે તો તેની વિગત તથા કરદાતાને ચૂકવવામાં આવેલ રિફંડની વિગત પણ દર્શાવવામાં આવશે.

**શું છે આ નવા એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટના ફાયદાઃ**

ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ હવે કરદાતાના વ્યવહારો ઉપર વધુ નજર રાખી શકશે. તો બીજી તરફ કરદાતાને પોતાની આવક અંગેની માહિતી પોતાના ઈન્કમ ટેક્સ લોગિનમાં સરળતાથી મળી રહેશે. આમ, પ્રમાણિક કરદાતાઓ માટે ઈન્કમ ટેક્સ રિટર્ન વધુ સાચી અને સચોટ રીતે ભરવામાં એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ મદદરૂપ બનશે. જ્યારે બીજી તરફ કોઈ પણ કરદાતા માટે વ્યવહારો છુપાવવા શક્ય બનશે નહીં. આવક ના દર્શાવવી કે ઓછી દર્શાવવી હવે ખૂબ મુશ્કેલ બની જશે.

**ક્યાં અને કેવી રીતે કરદાતા જોઈ શકે છે આ નવું એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ?**

કરદાતા પોતાનું એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ ઈન્કમ ટેક્સ પોર્ટલ ઉપરના પોતાના લોગિનમાં જોઈ શકે છે. પોતાના લોગિનમાં સર્વિસના વિકલ્પ હેઠળ આ એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ (AIS) સ્ટેટમેન્ટ જોઈ શકાશે. AIS હેઠળ કરદાતાને બે વિકલ્પ જોવા મળશે. એક, ટેક્સપેયર ઈન્ફોર્મેશન સમરી તથા બીજું એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ. કરદાતા દ્વારા એન્યુઅલ ઈન્ફોર્મેશન ઉપર આપવામાં આવેલ કોઈ ફિડબેક તે એક્ટિવિટી હિસ્ટ્રી માં જોવા મળશે.



**શું છે ટેક્સપેયર ઈન્ફોર્મેશનસમરીઃ**

નવા એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ દ્વારા ટેક્સપેયર ઈન્ફોર્મેશન સમરી ઊભી થશે જેના દ્વારા કરદાતાને પોતાના રિટર્ન ભરવામાં ઉપયોગી માહિતી સરળતાથી મળી શકશે. ઈન્કમ ટેક્સ હેઠળ વિવિધ આવકના સ્ત્રોત જેવા કે પગાર આવક, ભાડાની આવક, ડિવિડંડની આવક વગેરેની માહિતી આ ટેક્સપેયર ઈન્ફોર્મેશન સમરી માં ઉપલબ્ધ રહેશે. આ વિગતો ઉપરથી ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું કરદાતા માટે ખૂબ સરળ રહેશે. ઈન્કમ ટેક્સ પોર્ટલ ઉપર ઓટો જનરેટ થયેલ આવક ઉપરથી રિટર્ન ભરવાની સગવડ પણ કરદાતા માટે ઉપલબ્ધ રહેશે.

**હાલમાં કરદાતાને જોવા મળતું ફોર્મ ૨૬અજ થઈ જશે બંધ?**

હાલ, કરદાતાને તેઓના ઈન્કમ ટેક્સ લોગિનમાં ફોર્મ 26AS નામક ફોર્મમાં તેઓની આવક, તેમના ઉપર થયેલ TDS-TCS, તેઓએ ભરેલ ઈન્કમ ટેક્સની વિગતો, તેમણે ચૂકવવામાં આવેલ રિફંડની વિગતો ઉપરાંત એન્યુઅલ ઈન્ફોર્મેશન રિટર્નમાં અન્ય એજન્સી દ્વારા રજૂ કરવામાં આવેલ વિગતોની માહિતી મળી રહે છે. નવું એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટમાં આ તમામ માહિતી વધુ સુદ્રઢ રીતે, વધુ વિગતવાર રીતે આપવામાં આવશે. આમ, આ ફોર્મ 26AS ભવિષ્યમાં કરદાતા માટે ઉપલબ્ધ રહેશે નહીં પરંતુ કરદાતાને વધુ વિગતવાર માહિતી આપતું આ નવું એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ 26AS નું સ્થાન લેશે. જોકે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા ૦૧ નવેમ્બર ૨૦૨૧ ના રોજ બહાર પાડવામાં આવેલ પ્રેસ રીલીઝમાં સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે કે જ્યાં સુધી આ નવા એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ સંપૂર્ણ રીતે કાર્યરત થશે નહીં ત્યાં સુધી કરદાતાને હાલમાં મળી રહેલ ફોર્મ 26AS કાર્યરત રહેશે. આ પ્રેસ રીલીઝમાં એ બાબતનો પણ ઉલ્લેખ કરવામાં આવેલ છે કે હાલ, નવું એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ એ હાલ શરૂઆતના તબક્કામાં હોય, જો નવા એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ તથા Traces ઉપરના ફોર્મ 26ASમાં TDS-TCS ની વિગતોમાં કોઈ તફાવત જણાય તો હાલ, Traces ઉપર ઉપલબ્ધ TDS-TCSની માહિતીને પ્રાધાન્ય આપવામાં આવે તે જરૂરી છે.

**નવા એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટમાં દર્શાવવામાં આવેલ માહિતીમાં કોઈ ભૂલ હોય તો શું છે કરદાતા પાસે કોઈ વિકલ્પ?**

હા, વિવિધ એજન્સીઓ દ્વારા કરદાતા અંગે આપવામાં આવેલ વિગતોમાં કોઈ ભૂલ જણાય તો કરદાતા ઓનલાઈન ફિડબેક આપી શકે તેવી સુવિધા પણ આ નવા એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટમાં આપવામાં આવી છે. કરદાતા દ્વારા જ્યારે આ વિગતો સુધારા અંગે ઓનલાઈન ફિડબેક આપવામાં આવશે ત્યારે આ ફિડબેકમાં આપેલ વિગતો પણ એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટમાં અલગથી દર્શાવવામાં આવશે. જો કે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા ૦૧ નવેમ્બર ૨૦૨૧ ની પ્રેસ રીલીઝમાં જણાવવામાં આવ્યું છે કે આ પ્રમાણે તફાવતના કિસ્સામાં ઓનલાઈન ફિડબેક ઉપરાંત કરદાતા દ્વારા જે તે સ્ત્રોતનો પણ આ તફાવત અંગે સંપર્ક કરવામાં આવે તે હિતાવહ છે.

**બચત ખાતાનું વ્યાજ, ડિવિડંડ આવક, શેર ખરીદ વેચાણ ઉપરની આવક ના દર્શાવવી હવે નહીં રહે શક્ય!!**

જમીની સ્તરે એવું બનતું હતું કે ઘણા કરદાતાઓ પોતાના બચત ખાતા ઉપરનું વ્યાજ, ડિવિડંડની આવક, શેર ખરીદ વેચાણના વ્યવહારો પોતાના ઈન્કમ ટેક્સ રિટર્નમાં દર્શાવવામાં ચૂક કરતાં હતા. હવે જરે આ તમામ વિગતો કરદાતાના એન્યુઅલ ઈન્ફોર્મેશન રિટર્નમાં ઉપલબ્ધ બનાવવામાં આવી છે ત્યારે આવી આવક છુપાવવી હવે સ બનશે નહીં.

**પોતાના ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવામાં એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ ધ્યાને લેવું છે ખૂબ જરૂરી!!**

ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન દ્વારા હવે જ્યારે આ નવું એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન ની સુવિધા શરૂ કરવામાં આવી છે ત્યારે કરદાતા માટે પોતાના રિટર્ન ભરતાં સમયે આ AIS ધ્યાને લેવું ખૂબ જરૂરી છે. આ AISમાં દર્શાવવામાં આવેલ આવકો સંપૂર્ણ પણે પોતાના ઈન્કમ ટેક્સમાં યોગ્ય રીતે દર્શાવવામાં આવે તે પણ ખૂબ જરૂરી છે. આ AISની વિગતોમાં કોઈ ત્રુટિ જણાય તેવા કિસ્સામાં આ અંગે ઓનલાઈન ફિડબેક આપવામાં આવે તે પણ અતિ આવશ્યક છે. કરદાતા દ્વારા જો આ વિગતો ધ્યાને લેવામાં ના આવેલ હોય ત્યારે તેઓને આ અંગે તફાવતની નોટિસ આવવાની શક્યતા ખૂબ વધી જાઇ છે.

**એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ તથાટેક્સપેયર ઈન્ફોર્મેશન સમરીઅંતે શું છે તજજ્ઞોનો અભિપ્રાય?**

ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા નવા એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ શરૂ કરવામાં આવ્યું છે તે અંગે વાત કરતાં જુનાગઢના જાણીતા ટેક્સ એડવોકેટ કલ્પેશ રુપારેલિયા જણાવે છે કે આ એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ (AIS) દ્વારા હવે લગભગ તમામ માહિતીઓ ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ પાસે ઉપલબ્ધ બની રહશે. આ કારણે કરદાતાઓ માટે તેઓની આવક છુપાવવી કે ઓછી દર્શાવવી શક્ય બની શકશે નહીં. આ ઉપરાંત પ્રમાણિક કરદાતાઓને આ સ્ટેટમેન્ટથી ઘણો ફાયદો થશે અને તેઓએ પોતાની આવકની વિગતો માટે બેન્ક, શેર બ્રોકરો ઉપર અવલંબિત રહેવું પડશે નહીં. આ AIS થકી ઈન્કમ ટેક્સ હેઠળ પારદર્શકતામાં ખૂબ વધારો થશે તેવું હું માનું છું.

ભારતીય આવક વેરા ખાતું પણ હવે વિકસિત દેશોની જેમ સંપૂર્ણ પણે ઓનલાઈન થઈ રહ્યું છે. કરદાતાના વ્યવહાર અંગેની માહિતી હોવાથી ઈન્કમ ટેક્સની આવક તો વધશે જ સાથે સાથે સાથે ઈન્કમ ટેક્સ સિસ્ટમની પારદર્શિતામાં પણ વધારો થશે. આ નવી સગવડથી કરચોરો માટે હવે કરચોરી કરવી ખૂબ મુશ્કેલ બનશે જ્યારે પ્રમાણિક કરદાતાઓ માટે આ સગવડ આશીર્વાદ રૂપ સાબિત થશે તે ચોક્કસ છે.

**(આ લેખ ગુજરાતના જાણીતા દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તા. ૧૫.૧૧.૨૦૨૧ ના રોજ પ્રકાશિતથયેલ છે)**

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના




**ટેક્સ ટુડે એક્સપર્ટઃ**
**CA મોનીષ શાહ, અમદાવાદ**
**એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર**
**CA દિવ્યેશ સોઢા, પોરબંદર**
**એડવોકેટ ભવ્ય પોપટ**

### જી.એસ.ટી.

**જી.એસ.ટી. હેઠળ 3Bમાં રહેલ કોલમ ઇનએલીજીબલ ક્રેડિટ U/s ૧૭(૫) તથા ઇનએલીજીબલ ક્રેડિટ અધર્સ વચ્ચે શું તફાવત છે તે સમજાવવા વિનંતી. – હિત લિંબાણી, ટેક્સ કન્સલ્ટન્ટ કચ્છ**

જવાબઃ ઇનએલીજીબલ ક્રેડિટ U/s ૧૭(૫) હેઠળ જી.એસ.ટી. કાયદાની ૧૭(૫) માં દર્શાવેલ બ્લોક ક્રેડિટ જેવી કે, મોટર કાર ખરીદીની ઈન્પુટ ક્રેડિટ, મોટર કાર ઉપરના વીમા વગેરેની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ, ખાધ્ય પદાર્થો અંગેની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ, સ્થાવર મિલ્કત ઉપરની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે ઇનએલીજીબલ ક્રેડિટ અધર્સમાં કરદાતા દ્વારા કોઈ અન્ય રાજ્યમાં પ્લેસ ઓફ સપ્લાય હોય તેવી ઇનવર્ડ સપ્લાયનો સમાવેશ થાય છે તેવો અમારો મત છે. ઉદાહરણ તરીકે ગુજરાતના કોઈ નોંધાયેલ કરદાતા દિલ્હીની કોઈ હોટેલમાં રોકાણ કરે અને દિલ્હીની હોટેલ કરદાતાનું GST નંબર સાથેનું ટેક્સ ઈંવોઇસ બનાવે ત્યારે ગુજરાતના આવા કરદાતાએ ''અધર્સમાં'' આ ક્રેડિટ નામંજૂર કરવાની થાય.

**વેચનાર વેપારી પોતાનું એપ્રિલ ૨૦૨૧નું GSTR 1 જ ઓક્ટોબર મહિનામાં એટલેકે મોડુ ભરે છે. ઓક્ટોબર ૨૦૨૧નું GSTR 1 હજુ ભરવાનું જ બાકી છે. હવે આવા સંજોગોમાં ખરીદનારના GSTR 2Bમાં આ વ્યવહાર એપ્રિલ ૨૦૨૧માં દર્શાવવામાં આવશે કે ઓક્ટોબર ૨૧ના GSTR 2B? – શાહિદભાઈ, એકાઉન્ટન્ટ, પાલનપુર**

જવાબઃ વેચનાર વેપારી પોતાનું એપ્રિલ ૨૦૨૧નું વેચાણ જો એપ્રિલ ૨૦૨૧નું GSTR 1 જ્યારે ઓક્ટોબર ૨૦૨૧માં ભરે છે તો આ વ્યવહાર ઓક્ટોબર મહિનાના GSTR 2Bમાં દર્શાવશે તેવો અમારો મત છે.

### ઈન્કમ ટેક્સ

**જો કોઈ વર્ષમાં ભાગીદારી પેઢીને નુકસાન હોય તો શું કલમ 44AB હેઠળ ઓડિટ કરાવવું ફરજિયાત બને? – ભરત બારાઈ, વેપારી, રાજકોટ**

જવાબઃ ના, જો કરદાતા ભાગીદારી પેઢી હોય અને તેનું ટર્નઓવર 44AB હેઠળની નિયત મર્યાદાથી (૧ કરોડ) ઓછું હોય તો ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 44AB હેઠળ ઓડિટ કરાવવું ફરજિયાત ના રહે તેવો અમારો મત છે.

## 08th November 2021

### જી.એસ.ટી.

**જી.એસ.ટી. હેઠળ અમુક સંજોગોમાં માર્જિનલ સ્કીમ દ્વારા કરદાતાને રાહત આપવામાં આવી છે. અમારો પ્રશ્ન એ છે કે આ પ્રકારની માર્જિનલ સ્કીમમાં ખરીદનારને ટેક્સ ઈંવોઈસ આપવાનું રહે કે બિલ ઓફ સપ્લાય? વેચનાર દ્વારા કઈ રકમ ટેકસેબલ વેલ્યૂ અને કેટલા દરે ટેક્સ આ બિલમ આદર્શાવવાનો રહે? – સરાનખાવાલા એસોસીએટ્સ, ટેક્સ કન્સલ્ટન્ટ, વડોદરા**

જવાબઃ માર્જિનલ સ્કીમ હેઠળ પણ વેચનારે ખરીદનારને કરપાત્ર વેચાણના સંજોગોમાં ટેક્સ ઈંવોઈસ આપવાનું રહે તેવો અમારો મત છે. બિલમાં સેલ વેલ્યૂ જે છે તે જ આવે(માર્જિન વેલ્યૂ નહીં). ટેક્સની રકમ જે માર્જિન વેલ્યૂ ઉપર છે તે જ દર્શાવવાની રહે તેવો અમારો મત છે. વેચનાર આ માટે ટેક્સની રકમ સામે માર્જિનની રકમનો ઉલ્લેખ કરી આપે તે હિતાવહ છે. આ અંગે એક બાબત જણાવવાની કે CBICના માર્જિન સ્કીમ હેઠળના ફલાયરમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે આ સ્કીમનો લાભ લેતા કરદાતા ટેક્સ ઈંવોઈસ ઈસ્યું કરી શકે નહીં. પરંતુ જી.એસ.ટી. કાયદા કે નિયમોમાં આ અંગે કોઈ બાધ આપવામાં આવેલ નથી.

**અમારા અસીલ મમરાનો વેપાર કરે છે. મમરા ટેક્સ ફ્રી છે. મમરાની ખરીદી કે વેચાણમાં થતાં ટ્રાન્સપોર્ટેશન ઉપર RCM લાગુ પડે કે નહીં? આ RCM લાગુ પડે તો આની ક્રેડિટ મળે કે નહીં? મમરા ઉપરના વપરાતા પેકિંગ મટિરિયલની ઇનપુટ ટેક્સ ક્રેડિટ મળે? – રાકેશ ધોરજીયા, ટેક્સ કન્સલ્ટન્ટ, ગોંડલ**

જવાબઃ મમરાના વેપાર ઉપરના ટ્રાન્સપોર્ટેશન ઉપર RCM લાગુ પડશે. મમરા કરમુક્ત હોય ટ્રાન્સપોર્ટેશન ઉપરના RCM કે પેકિંગ મટિરિયલ ખરીદીની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળશે નહીં.

**મમરાના ૬ અંકના HSN કોડ આપવા વિનંતી. – રાકેશ ધોરજીયા, ટેક્સ કન્સલ્ટન્ટ, ગોંડલ**

જવાબઃ મમરાનો ૬ અંકનો HSN કોડ ૧૯૦૪૧૦ આવે તેવો અમારો મત છે.

**વેચનાર વેપારી પોતાનું એપ્રિલ ૨૦૨૧નું GSTR 1 ઓક્ટોબરમાં ભરે છે. ખરીદનારના GSTR 2Bમાં આ વ્યવહાર એપ્રિલ ૨૦૨૧માં દર્શાવવામાં આવશે કે ઓક્ટોબર ૨૧ ના GSTR 2Bમાં? – શાહિદભાઈ, એકાઉન્ટન્ટ, પાલનપુર**

જવાબઃ વેચનાર વેપારી પોતાનું એપ્રિલ ૨૦૨૧નું વેચાણ જો ઓકોટોબર ૨૦૨૧ના GSTR 1માં દર્શાવે તો આ વ્યવહાર ઓક્ટોબર મહિનાના GSTR 2Bમાં દર્શાવશે તેવો અમારો મત છે.

## 1st November 2021

### જી.એસ.ટી

**અમારા અસિલે માલની ખરીદી એપ્રિલ ૨૦૨૧માં કરેલ છે. વેચનારે એપ્રિલ ૨૦૨૧ના મહિના વ્યવહારો સપ્ટેમ્બર ૨૦૨૧માં દર્શાવેલ છે. આ કિસ્સામાં અમારા ખરીદનારને 2B માં એપ્રિલ મહિનામાં બતાવશે કે સપ્ટેમ્બર માહિનામાં? – શાહિદભાઈ, એકાઉન્ટન્ટ, પાલનપુર**

જવાબઃ એપ્રિલ ૨૦૨૧ની ખરીદી જો વેચનાર દ્વારા સપ્ટેમ્બર ૨૦૨૧ના GSTR 1માં દર્શાવવામાં આવે તો તે સપ્ટેમ્બર ૨૦૨૧ના GSTR 2Bમાં દર્શાવશે તેવો અમારો મત છે.

**અમારા અસીલ કંપોઝીશનની પરવાનગી ધરાવતા વેપારી છે. તેઓ એક પ્રોવિઝન સ્ટોર ધરાવે છે. આ ધંધા સાથે તેઓની સુમુલ દૂધની એજન્સી પણ છે. દૂધ એ કરમુક્ત છે. અમારો પ્રશ્ન એ છે કે આ દૂધના વેચાણની રકમ CMP 08માં દર્શાવવાની રહે? GSTR 4માં આ રકમ ક્યાં દર્શાવવાની રહે? – ધર્મેશ એ ગાંધી, એડવોકેટ**

જવાબઃ કંપોઝીશનની પરવાનગી ધરાવતા કરદાતાએ કરમુક્ત વસ્તુનું વેચાણ CMP 08માં ટેબલ ૩ ભાગ ૧ માં દર્શાવવાનું રહે. GSTR 4 ટેબલ ૫માં સિરિયલ ૧માં દર્શાવવાની રહે તેવો અમારો મત છે.

**અમારા અસીલ શિપિંગ વ્યવસાય સાથે જોડાયેલા છે. તેઓ બાર્જ ભાડેથી મેળવી ભાડે આપવાનો ધંધો કરે છે. આ બાર્જ જૂના હોય તેને સતત રિપેરિંગની જરૂર પડે છે. આ રિપેરિંગમાં આર્યન બાર, પાઇપ, કલર, એલ્યુમીનીયમ જેવી વસ્તુ ખરીદવાની થતી હોય છે. શું આ માલ ખરીદીની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ તેઓને મળે? – વિજય કોરડીયા, એડવોકેટ, ભુજ**

જવાબઃ હા, તમારા અસીલને આ માલ ખરીદીની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળે તેવો અમારો મત છે.

**અમારા અસીલ મિલ્ક ડિસ્ટ્રીબ્યુશનની એજન્સીના ધંધા સાથે સંકળાયેલ છે. તેઓનું મિલ્કનું ટર્નઓવર ૨ કરોડ જેવુ થતું હોય છે. આ મિલ્ક ડિસ્ટ્રીબ્યુશનમાં તેઓને ૭ લાખ જેવુ કમિશન મળે છે. આ કિસ્સામાં શું તેઓ જી.એસ.ટી. નંબર મેળવવા જવાબદાર બને? – CA ઈરફાન કડીવાર, રાજકોટ**

જવાબઃ આ માટે તમારા અસીલ તથા કંપની વચ્ચેનો એગ્રીમેન્ટ જોવો જરૂરી છે. જો ડિસ્ટ્રિબ્યુટર એગ્રીમેન્ટ હોય અને સાથે કમિશન ઈન્કમ હોય જી.એસ.ટી. કાયદાની કલમ 24(vii) હેઠળ ફરજિયાત નંબર લેવા જવાબદાર બને તેવો અમારો મત છે.

**હાલ જે સર્વિસ ટેક્સ આકારણી અંગે નોટિસો આપવામાં આવી રહી છે. આ નોટિસો પાંચ વર્ષ પછી આપવામાં આવી હોય શું આ નોટિસ લીગલી વેલીડ ગણાય? – પિયુષ લીંબાણી, ટેક્સ કન્સલ્ટન્ટ કચ્છ**

જવાબઃ આ પ્રકારે નોટિસ લીગલી વેલીડ છે કે નહીં તે માટે જે તે કેસના તથ્યો જાણવા જરૂરી છે. અમુક સંજોગોમાં આ નોટિસ લીગલી નોન વેલીડ બનતી હોય છે. આ માટે દરેક કેસ પ્રમાણે તથ્યો જોવા જરૂરી છે. આ માટે કેસની વિગતો મોકલી અમારી સલાહ લઈ શકો છો.

**અમારી કંપની એક્સપોર્ટના ધંધા સાથે સંકળાયેલ છે. અમો આ કામ માટે ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં હોટેલમાં રોકાણ કરવાનું થતું હોય છે. આ અન્ય રાજ્યોમાં હોટેલમાં રોકવા ઉપર જે જી.એસ.ટી. લાગુ થાય તેની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અમોને મળે – જિગ્નેશ તૈલી, વેપારી, ઉના**

જવાબઃ ના, હોટેલના કિસ્સામાં હોટેલ બિલ્ડીંગ જે સ્થળ પર હોય તે રાજ્ય પ્લેસ ઓફ સપ્લાય ગણાય. હોટેલ દ્વારા તેના બિલ ઉપર જે તે રાજ્યનો CGST+SGST જ લાગુ પડે. આમ, તે રાજ્ય સિવાયના નોંધાયેલ કરદાતાઓને અન્ય રાજ્યની હોટેલમાં લતા CGST+SGSTની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળે નહીં તેવો અમારો મત છે.

### ઈન્કમ ટેક્સ

**અમારા અસીલ મિલ્ક ડિસ્ટ્રીબ્યુશનની એજન્સીના ધંધા સાથે સંકળાયેલ છે. તેઓનું મિલ્કનું ટર્નઓવર ૨ કરોડ જેવુ થતું હોય છે. આ મિલ્ક ડિસ્ટ્રીબ્યુશનમાં તેઓને ૭ લાખ જેવુ કમિશન મળે છે. આ કિસ્સામાં ઈન્કમ ટેક્સ હેઠળ માત્ર કમિશન આવક દર્શાવી ઈન્કમ ટેક્સ રિટર્ન ભરી શકાય કે કુલ ટર્નઓવર દર્શાવી ઓડિટ કરવી રિટર્ન ભરવું જરૂરી છે? – CA ઈરફાન કડીવાર, રાજકોટ**

જવાબઃ આ બાબતે કંપની તથા તમારા અસીલ વચ્ચેનો કરાર ધ્યાને લેવો જરૂરી છે. જો બન્ને વચ્ચે એજન્સી એગ્રીમેન્ટ થયેલ હોય તો માત્ર કમિશન ઈન્કમ દર્શાવવાની રહે જ્યારે ડિસ્ટ્રીબ્યુટર એગ્રીમેન્ટ હોય તો કુલ ટર્નઓવર દર્શાવવાનું રહે તેવો અમારો મત છે. માત્ર કમિશન આવક દર્શાવવામાં આવેલ હોય તેવા કિસ્સામાં બેન્કની જમા રકમ અને ગ્રોસ રિસીપ્ટ બાબતે તફાવતની નોટિસ આવવાની શક્યતા રહેલી હોય છે.

# જમીન, પ્લોટ, મકાન કે ફ્લેટ ખરીદ વેચાણ કરો છો??? આ બાબતોની રાખજો કાળજી....

**By Bhavya Popat**

ભારતીય સમાજમાં સ્થાવર મિલ્કત ખરીદવીએ સમૃદ્ધિનું પ્રતિક ગણાય છે. એવી રીતે યોગ્ય સમયે જરૂરિયાત મુજબ ખરીદેલ સ્થાવર મિલ્કતનું વેચાણ કરી નવી મિલ્કત ખરીદવા અથવા જરૂરિયાત માટે તે નાણાંનો ઉપયોગ કરવો એ ભારતીય સમાજનું મહત્વનું અંગે ગણાય છે. સ્થાવર મીલ્કતમાં ખેતીની જમીન, પ્લોટ, મકાન, દુકાન વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રકારની સ્થાવર મીલ્કતની ખરીદી કરતાં સમયે અમુક બાબતો ધ્યાને રાખવી ખૂબ જરૂરી છે. ઇન્કમ ટેક્સ હેઠળ સ્થાવર મીલ્કતની ખરીદી બાબતે અમુક ખાસ નિયમો રહેલા છે. સ્થાવર મીલ્કતની ખરીદી કે તેનું વેચાણ કરવા સમયે આ નિયમોનું પાલન કરવું જરૂરી બનતું હોય છે. આ નિયમોનું ધ્યાન રાખવામા ના આવ્યું હોય તો મિલકત ખરીદનાર તથા વેચનાર માટે ઘણી મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે. આજે આ લેખમાં વાંચકોને આ નિયમો બાબતે જાણકારી આપવા પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**સ્થાવર મિલ્કત સંદર્ભે દસ્તાવેજમાં દર્શાવવામાં આવતો અવેજ જંત્રી મૂલ્યથી ઓછો દસ્તાવેજમાં દર્શાવવો બની શકે છે જોખમીઃ**

સ્થાવર મિલકતનું ખરીદ વેચાણ કરતાં સમયે ખરીદનાર તથા વેચનારે જો સૌથી વધુ જે બાબતનું ધ્યાન રાખવાનું થાય છે તે છે દસ્તાવેજમાં દર્શાવવામાં આવેલ અવેજ તથા જંત્રી મૂલ્ય બાબતનું ગણી શકાય. સ્થાવર મિલ્કતની કિસ્સામાં જંત્રી મૂલ્ય એટ્લે એવું મૂલ્ય જે સમયાંતરે જે તે વિસ્તાર મુજબ રાજ્ય સરકાર દ્વારા સ્ટેમ્પ ડ્યૂટી નક્કી કરવા માટે જાહેર કરવામાં આવતું હોય છે. અવેજ એટ્લે એવી રકમ જે સબ રજીસ્ટ્રાર કચેરીમાં નોંધણી કરવવામાં આવતા વેચાણ દસ્તાવેજમાં મિલ્કત ખરીદી પેટે ખરીદનાર દ્વારા વેચનારને ચૂકવવા પાત્ર રકમ છે.

**મિલ્કત વેચાણ કરનાર વ્યક્તિ માટેઃ**

ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૫૦ઈ હેઠળ કોઈ પણ સ્થાવર મિલકતનું વેચાણ કરવામાં આવે ત્યારે જો સ્ટેમ્પ ડ્યૂટી રાજ્ય સરકારની જંત્રી પ્રમાણે ચૂકવવામાં આવેલ હોય ત્યારે ઈન્કમ ટેક્સ હેઠળ રાજ્ય સરકારની જંત્રીનું મૂલ્યથી ઓછો રકમનો અવેજ દર્શાવી શકાય નહીં. વેચનાર દ્વારા પોતાના વેચાણ દસ્તાવેજમાં અવેજ જંત્રી મૂલ્યથી ઓછો દર્શાવેલ હોય તો પણ ઈન્કમ ટેક્સ ભરવાની જવાબદારી તેની જંત્રીની રકમ મુજબ લાગુ પડે. જો કે આ નિયમમાં હવે થોડી રાહત આપવામાં આવેલ છે. હાલમાં પ્રવર્તમાન નિયમ મુજબ સ્થાવર મિલ્કત વેચનાર દ્વારા દર્શાવવામાં આવેલ અવેજ કરતાં જંત્રી મૂલ્ય કરતાં ૧૧૦% કરતાં વધુ ના હોય તો આવા કિસ્સામાં વેચાણ દસ્તાવેજમાં દર્શાવવામાં આવેલ અવેજની રકમ જ માન્ય ગણાશે. જો બીજા શબ્દોમાં કહીએ તો અવેજની રકમ અને જંત્રીની રકમમાં ૧૦% થી વધુ તફાવત હોય ત્યારે જ ઇન્કમ ટેક્સનો આ નિયમ લાગુ પડતો હોય છે.



આ નિયમ અંગે ઉદાહરણ જોઈએ તો શ્રી અમદાવાદી દ્વારા એક ફ્લેટ ખરીદી કરવામાં આવ્યો છે જેનું રાજ્ય સરકાર દ્વારા જંત્રીનું મૂલ્ય ૧૦ લાખ છે. આ કિસ્સામાં વેચાણ દસ્તાવેજમાં દર્શાવવામાં આવતો અવેજ ૧૦ લાખ દર્શાવવો જરૂરી છે. જો આ વેચાણ દસ્તાવેજમાં અવેજની રકમ ૮ લાખ દર્શાવવામાં આવે તો પણ ઇન્કમ ટેક્સ કાયદાની કલમ ૫૦ઈ મુજબ વેચનારની ટેક્સ ભરવાની જવાબદારી ૧૦ લાખ ઉપર જ ગણતરી કરવામાં આવશે. પરંતુ પ્રવર્તમાન નિયમ મુજબ ઉપરોક્ત ઉદાહરણમાં જો અવેજની રકમ ૯.૫૦ લાખ દર્શાવવામાં આવી હોય તો જંત્રી મૂલ્ય અને અવેજનો આ તફાવત જંત્રીથી ૧૦% થી ઓછો હોય, જંત્રી ૧૦ લાખ હોવા છતાં, ૯.૫૦ લાખની રકમ માન્ય રહેતી હોય છે અને આ રકમ ઉપર મૂડી નફો ભરવાની જવાબદારી ઊભી થાય.

**મિલ્કત ખરીદ કરનાર વ્યક્તિ માટેઃ**

ઉપર આપણે સ્થાવર મિલ્કતના વેચાણ કરનાર વ્યક્તિ માટે મહત્વના નિયમ ઉપર ચર્ચા કરી. તેવી રીતે સ્થાવર મિલ્કત ખરીદી કરનાર માટે પણ અમુક નિયમોનું પાલન કરવું ખૂબ જરૂરી છે. જેમ સ્થાવર મિલ્કતના વેચાણ સંદર્ભે જંત્રી મૂલ્ય જોવું જરૂરી છે તેવી જ રીતે મિલ્કત ખરીદી કરવા સમયે પણ જંત્રી મૂલ્ય ધ્યાને રાખવું ખૂબ જરૂરી છે. ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૫૬ મુજબ જંત્રી મૂલ્ય કરતાં અવેજની રકમ જો ૫૦ હજાર કરતાં વધુ રકમનો તફાવત ધરાવતી હોય તો આ તફાવતની રકમ વેચનાર દ્વારા ખરીદનારને બક્ષિસ (ગિફ્ટ) તરીકે માની લેવામાં આવશે અને ખરીદનારની અન્ય સ્ત્રોતની આવક તરીકે કરપાત્ર આવકમાં ઉમેરવામાં આવશે.

ઉદાહરણ તરીકે શ્રી અમદાવાદીએ શ્રી વાગલે પાસેથી એક ફ્લેટની ખરીદી ૯૦ લાખના અવેજ દર્શાવી કરી છે. આ ફ્લેટનું જંત્રી મૂલ્ય ૧ કરોડ છે. આ કિસ્સામાં જંત્રી મૂલ્ય તથા અવેજ વચ્ચેની રકમ ૧૦ લાખ શ્રી અમદાવાદીને, શ્રી વાગલે દ્વારા બક્ષિસ (ગિફ્ટ) આપવામાં આવેલ છે તેમ માની લેવામાં આવશે અને શ્રી અમદાવાદી ઉપર આ રકમ ઉપર ટેક્સ ભરવાની જવાબદારી આવી જશે.

આમ, જંત્રી અંગે સલગ્ન ઈન્કમ ટેક્સના આ નિયમ અંગે યોગ્ય જાણકારી ના હોય તો ખરીદનાર તથા વેચનાર ઉપર ટેક્સની મોટી જવાબદારી આવી જતી હોવાના અનેક કિસ્સા અવારનવાર સામે આવતા હોય છે.

**સ્થાવર મિલ્કતનો અવેજ ૨૦૦૦૦ કે તેથી વધુ હોય તો બેન્ક દ્વારા આ રકમ મેળવવી છે જરૂરીઃ**

ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ કોઈ સ્થાવર મિલ્કતના અવેજ સંદર્ભે વેચનારને થતી ચુકવણીની રકમ જો ૨૦૦૦૦ (વીસ હજાર) કે તેથી વધુ હોય તો આ ચુકવણી બેંકિંગ વ્યવહારો વડે કરવી જરૂરી છે. બીજા શબ્દોમાં કહીએ તો આ ચુકવણી રોકડમાં કરી શકાય નહીં. અનેકવાર ટેક્સ કન્સલ્ટન્ટ પાસે તેઓના અસીલ એવા વ્યવહાર કરીને આવતા હોય છે જેમાં તેઓએ મિલ્કત વેચાણ સંદર્ભે અવેજની મોટી રકમ રોકડમાં સ્વીકારેલ હોય છે. વેચનાર દ્વારા મોટી રકમ જો રોકડમાં સ્વીકારવામાં આવેલ હોય તો જેટલી રકમ રોકડમાં સ્વીકારવામાં આવેલ હોય તેટલી રકમનો જ દંડ તેના ઉપર લાગુ થઈ શકે છે.

ઉદાહરણ તરીકે શ્રી અમદાવાદી એક ફ્લેટ ૧૦ લાખમાં વેચાણ કરેલ છે. આ ૧૦ લાખની રકમ તેઓએ રોકડમાં સ્વીકારેલ છે. આ કિસ્સામાં શ્રી અમદાવાદી ઉપર ૧૦ લાખની રકમનો દંડ વેચનાર ઉપર લાગુ પડી શકે છે.

**૫૦ લાખ કે તેથી વધુના અવેજ/જંત્રી મૂલ્ય ધરાવતી મિલ્કત ખરીદતા સમયે ખરીદનાર દ્વારા TDS કરવાની જવાબદારીઃ**

ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 194IA હેઠળ જ્યારે ૫૦ લાખ કે તેથી વધુ અવેજ અથવાતો ૫૦ લાખ કે તેથી વધુ રકમની જંત્રી ધરાવતી મિલ્કતની ખરીદી કરવામાં આવે ત્યારે ખરીદનારે વેચનારને ચૂકવવાની થતી રકમમાંથી અવેજની રકમના ૧% લેખે TDS (ટેક્સ ડિડક્ટેડ એટ સોર્સ) કરવાનો રહે છે. ઉલ્લેખનીય છે કે મિલ્કત ખરીદી માટે ચૂકવવામાં આવતા અવેજના દરેક હપ્તા સમયે આ TDS કરવાનો રહે છે. આ ઉપરાંત મિલ્કતના મૂલ્યની ગણતરી કરવા સમયે એક થી વધુ વેચનારાઓ કે એકથી વધુ ખરીદનારાઓ હોય તો પણ તેનું મૂલ્ય સંયુક્ત રીતેજ ગણવાનું રહે છે. જો આ પ્રમાણે ખરીદનાર દ્વારા TDS કરવામાં ના આવ્યો હોય તો આ TDS ની રકમ ભરવા ખરીદનાર જવાબદાર બની શકે છે.

ઉદાહરણ તરીકે શ્રી અમદાવાદીએ એક ફ્લેટની ખરીદી અમદાવાદ ખાતે કરી છે જેનું મૂલ્ય ૧ કરોડ છે. આ સંજોગોમાં તેઓએ વેચનારને ૧ કરોડની ચુકવણી કરવા સમયે તેમાથી ૧% એટલેકે ૧ લાખની રકમ વેચનારને ચૂકવવાની થતી રકમમાંથી TDS તરીકે કાપી, આ રકમ ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટમાં વેચનાર વતી ભરવાની રહેશે.

**૩૦ લાખ ઉપરની મિલ્કત ખરીદ વેચાણની વિગતો અંગે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને આપવાની રહે છે માહિતીઃ**

ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ ૩૦ લાખ ઉપરની મિલ્કતના ખરીદ વેચાણ અંગેના વ્યવહારોની જાણ સબ રજીસ્ટ્રાર ઓફિસ દ્વારા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને આપવાની રહે છે. સબ રજીસ્ટ્રાર ઓફિસ એટ્લે એવી ઓફિસ જ્યાં મિલ્કતના ખરીદ વેચાણ અંગેના દસ્તાવેજોની નોંધણી કરવામાં આવે છે. આમ, સબ રજીસ્ટ્રાર ઓફિસ દ્વારા આપવામાં આવેલ માહિતી ઉપરથી ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા જે તે ખરીદનાર તથા વેચનાર અંગેની વિગતો તપાસવામાં આવતી હોય છે. ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા ખરીદનારના મિલ્કત ખરીદી બાબતેના સ્ત્રોતની તો વેચનાર દ્વારા આ મિલ્કતના વેચાણના નફા ઉપર ઈન્કમ ટેક્સ ભરવામાં આવ્યો છે કે નહીં તે અંગે તપાસ કરવામાં આવતી હોય છે.

**સ્થાવર મિલ્કતના ખરીદ વેચાણ સંદર્ભે આગોતરું આયોજન કરવું છે ખૂબ જરૂરી!!**

સ્થાવર મિલ્કતના વ્યવહારોનું મૂલ્ય સામાન્ય રીતે મોટું રહેતું હોય છે. આ વ્યવહારો કરતાં સંદર્ભે આગોતરું આયોજન કરવું ખૂબ જરૂરી બનતું હોય છે. આ આયોજનમાં સૌથી પહેલા જરૂરી છે જે તે સ્થાવર મિલ્કતની જંત્રીનું મૂલ્ય જાણવું. આ જંત્રી મૂલ્ય જાણી ખરીદનાર તથા વેચનાર બન્ને એ પોતાના ટેક્સ એડવોકેટ, CA કે ટેક્સ કન્સલ્ટન્ટને દસ્તાવેજ બનાવતા પહેલા મળવું જરૂરી છે. આ આગોતરું આયોજન કરવામાં ના આવે તો વ્યક્તિ ક્યારેક મોટી મુશ્કેલીમાં મુકાઇ શકે છે.

**(આ લેખ ગુજરાતના જાણીતા દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તા. ૦૧.૧૧.૨૦૨૧ ના રોજ પ્રસિદ્ધ થયેલ છે.)**

# ફૂડ લાઈસન્સ હવે એક્સપાયર થયા પછી ૧૮૦ દિવસમાં થઈ શકેશે રિન્યૂઃ કોરોના કાળમાં વેપારીઓને મોટી રાહત

## જોકે આ લાઈસન્સ ૧૮૦ દિવસમાં રિન્યૂ કરવામાં વેપારીઓએ ચૂકવવી પડશે લેઈટ ફી

તા. ૦૧.૧૧.૨૦૨૧: ફૂડ લાઈસન્સ રિન્યૂ કરાવવા બાબતે વેપારીઓને મોટી રાહત આપવામાં આવી છે. સામાન્ય રીતે ફૂડ લાઈસન્સની મુદત પૂર્ણ થતી હોય તેનાથી ૩૦ દિવસ પહેલા લાઈસન્સ રિન્યૂ કરાવવાનું થતું હોય છે. કોરોના કાળમાં આ મુદત ઘણા વેપારીઓ ચૂકી ગયા હોવાના અનેક કિસ્સા સામે આવી રહ્યા હતા. લાઈસન્સ રિન્યૂ કરાવવાની મુદત પૂર્ણ થયા બાદ આ લાઈસન્સ નવું લેવું પડે તેવી સ્થિતિ ઉપસ્થિત થઈ રહી હતી. જૂના લાઈસન્સના સ્થાને નવું લાઈસન્સ લેવાનું થાય તેવા સંજોગોમાં નવા પ્રિન્ટ મટિરિયલ, નવા સ્ટેશનરી વગેરે જેવા અનેક વ્યાવહારિક પ્રશ્ન ઊભા થઈ રહ્યા હતા. આ મુશ્કેલીને દૂર કરવા 'ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા' દ્વારા ૨૯ ઓક્ટોબરના રોજ વેપારીઓને રાહત આપતો આદેશ કરવામાં આવ્યો છે. આ આદેશ મુજબ હવે ફૂડ લાઈસન્સ ધરાવતા વેપારીઓ લાઈસન્સની મુદત પૂર્ણ થયાના ૧૮૦ દિવસમાં લાઈસન્સ રિન્યૂ કરાવવા અરજી કરી શકશે. આ માટે વેપારીઓએ ૧ થી ૯૦ દિવસ સુધી જે સામાન્ય લેઈટ ફી ભરવાની થતી હતી તેના ૩ ગણી રકમ પેનલ્ટી તરીકે ભરવાની રહેશે જ્યારે ૯૧ દિવસથી ૧૮૦ દિવસ સુધી સામાન્ય લેઈટથી ૫ ગણી રકમ પેનલ્ટી તરીકે ભરવાની રહેશે. ઉત્પાદક તથા ઈમ્પોર્ટર દ્વારા જ્યારે આ લાઈસન્સ રિન્યૂની અરજી કરવામાં આવશે ત્યારે તેઓએ પોતાનું વાર્ષિક રિટર્ન ભરવામાં આવેલ હોય તે જરૂરી છે. લાઈસન્સની મુદત પૂર્ણ થયાના ૧૮૦ દિવસ બાદ લાઈસન્સ રિન્યૂ થઈ શકશે નહીં. લાઈસન્સની મુદત પૂર્ણ થયેલ હોય અને તે રિન્યૂ ના થાય ત્યાં સુધી ફૂડને લાગતો કોઈ ધંધો વેપારી કરી શકશે નહીં. ૧૮૦ દિવસ સુધી રિન્યુલ કરવાના આ નિયમો નવા નિયમો બહાર પાડવામાં ના આવે ત્યાં સુધી લાગુ રહેશે. આ અંગે વાત કરતાં જેતપુરના જાણીતા એડવોકેટ લલિત ગણાત્રા જણાવે છે કે ''આ નિયમો આવતા અનેક વેપારીઓને રાહત મળશે. જો કે આ રાહતોનો લાભ લેવા વેપારીએ પેનલ્ટી ચોક્કસ ભરવાની રહેશે પરંતુ આ પેનલ્ટી ભરવાથી અનેક વ્યાવહારિક મુશ્કેલીમાંથી વેપારી ચોક્કસ બચી શકે છે''. વેપારીઓને સરકાર દ્વારા આ મહત્વની રાહત આપવામાં આવી છે પરંતુ ફૂડ લાઈસન્સ ધરાવતા વેપારીઓ માટે લાઈસન્સની મુદત પુર્ણ થયાના ૩૦ દિવસ પહેલા રિન્યૂ માટે અરજી કરવી ચોક્કસ હિતાવહ છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

FOOD SAFETY AND STANDARDS AUTHORITY OF INDIA
Inspiring Trust, Assuring Safe & Nutritious Food

◆ Year: 6, ◆ Issue No.1, ◆ Continue Issue No.61, ◆ Date: 20/11/2021, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat,
◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.